3837

पुष्करणोपाख्यान अने तत्संबंधी वृत्तांतनुं समर्पण.

સદ્ધર્મધુરીણ સદ્‌ગૃહસ્થ પુષ્કરણા કેવળિયાવટંકાવતંસ વિષનજી હીરજી જોષી.

મહાશય.

આપ સ્વકીય જ્ઞાતિના શ્રેયઃસંપાદક છો તેટલુંજ નહી પણ વિશ્વવિખ્યાત કીર્ત્તિ અને અન્નવિહીન-દીનપરદયાળુત્વાદિગુણગણાલંકૃત, અનન્યસાધારણ સૌજન્યધન્ય વદાન્યાગ્રગણ્ય, ગુણિગણગણનાગ્રણી છો. માટે આ સ્વલ્પ સંદર્ભની જોડે આપનું અમૂલ્ય નામ જોડવા સમુત્સાહી થાઊં છું.

જ્યેષ્ઠારામ મુકુન્દજી પણિયા.

પ્રસ્તાવના.

આ પુષ્કરણોપાખ્યાન અને તત્સંબંધી સંગ્રહ કરેલ વૃત્તાંતના આરંભમાં લખવાને આવશ્યક છે કે વાંચનારે આદ્યોપાંત પુસ્તક વાંચવાવિના મત ન બાંધવું.

આ સઘળો સંદર્ભ એકત્ર કરતાં કેટલો શ્રમ પડચો હશે તે સહજમાં સમજાશે, તેમ છપામણી આદિ ધનવ્યય સંબંધી સ્વરૂપ પણ જણાશે.

જે જે વૃત્તાંત શૃંખલાબદ્ધ મળ્યો તે તો ચોપડીમાં દાખલ થયો પણ કેટલોક વૃત્તાંત જે મેળવ્યો છે તેમાં કેટલુંક વૈલક્ષણ્ય જણાયલ છે. જેમકે માડવારમાં કબૂતર ખાનાવાળાઓ સિંધમાં અસદાચારની પ્રવૃત્તિ એમ હરેક પ્રકારમાં દૂષણ ભૂષણ હોય છે. આ સર્વ વૃત્તાંત ગ્રંથ લખનારને લગાર પણ જાણમાં નથી એમ તો નહી પણ સ્વયં તજ્જાતિ હોવાથી દોષોદ્ઘાટન કરવામાં કે કોઇનો ઉદ્દેશ કરી લખવામાં શોભા નથી માનતો.

ગર્ભાધાનાદિ સંસ્કારકરણ ભોજનવ્યવહાર આદિ જુદા જુદા દેશોમાં વાસ હોવાથી પરસ્પર મળતાપણું નથી થાતું કિંતુ તતદ્દેશીય ચાલની પ્રવૃત્તિ છે.

જે સંગ્રહ પાછળથી થયો છે અને હજુ થનાર છે તેને જો કોઇ વિઘ્ન નહી નડે તો આ પુસ્તકની પુનરાવૃત્તિની વેળાયે સર્વ વૃત્તાંત શૃંખળાબદ્ધ છપાવવામાં આવશે.

જે લોકો ઈર્ષ્યાકલુષિતાંતઃકરણ હશે તે લોકોને માટે આ પ્રયત્ન નથી અને મારી પણ વિનતી છે કે તેણે આ પુસ્તક જોવું નહી તથાપિ તે જુવે અને ગમે તેમ બોલે તો આ પુસ્તકને મોટો ફાયદો થાશે, પણ મેં તો ખરેખર જિજ્ઞાસુઓને માટેજ પ્રયાસ કરેલ છે અને તે નરોએ જો મારા આ અલ્પ લખાણપર દૃષ્ટી નાખી તો કરેલો પરિશ્રમ સફળ થયો તેમ માનું છું.

જ્યેષ્ઠારામ મુકુન્દજી પણિયા.

॥ श्रीगणाधिपतये नमः ॥

पुष्करणोपाख्यानम्.

स्कांदपरिशिष्टश्रीमालपुराणमाहात्म्यसारोक्तम्

॥ स्कंद उवाच ॥

देव देव पुनर्ब्रूहि भूभागं किंचिदुत्तमम् ॥
यत्र ब्रह्मादयो देवा वसिष्ठाद्यास्तपोधनाः ॥ १ ॥
क्रीडन्ति मातरः सर्वाः कुमारैः सह यत्र च ॥

॥ महादेव उवाच ॥

साधु पृष्टं त्वया वत्स भागं श्रेयस्करं भुवः ॥ २ ॥
प्रवक्ष्यामि यथावत्त्वं शृणुष्व गदतो मम ॥
अयोध्याऽधिपतिः श्रीमानासीदतुलविक्रमः ॥ ३ ॥
युवनाश्वसुतोराजा मान्धातेति श्रुतोभुवि ॥
*दृष्टिमार्गाद्देवमुनिर्वशिष्ठः सह भार्यया ॥ ४ ॥
तमर्चादिभिरभ्यर्च्य काकुत्स्थकुलदैवतम् ॥
प्रावेशयन्निजं वेश्म शारदाम्बुजसन्निभम् ॥ ५ ॥

અર્થ—કાર્તિકેય મહાદેવજીને પુછે છે કે, હે દેવના દેવ ! કોઈ ઉત્તમ પૃથ્વીનો ભાગ કહો કે જ્યાં બ્રહ્માદિક દેવો અને વસિષ્ઠ વગેરે

---

* दृष्टिमार्गमगाद्यस्येति पाठःसाधुः ॥

તપસ્વિઓ રહે છે અને કુમારોનીસાથે માતૃદેવતા પણ જ્યાં ક્રીડા કરે છે. આવાં પુત્રનાં વચન સાંભળી મહાદેવ બોલ્યા, હે વત્સ ! તે બહુ સારૂં પુછ્યું. પૃથ્વીનો કલ્યાણકારી ભાગ તને બરોબર કહી બતાવીશ સાંભળ. અતુલ પરાક્રમી અયોધ્યાનો પતિ, યુવનાશ્વનો પુત્ર માંધાતા એવે નામે પૃથ્વીમાં વિખ્યાત રાજા હતો. તેની નજરે એક દિવસ અરૂંધતી સ્ત્રીસહિત વશિષ્ટમુનિ આવ્યા. કાકુત્સ્થ કુળના દૈવતસરખા તે મુનિની પૂજા કરી, શરદ્ઋતુના કમળસરખા પોતાના ઘરમાં તેને પધરાવ્યા.

प्रणिपत्य महीपालः कृतांजलिरथाब्रवीत् ॥

॥ मान्धातोवाच ॥

स्वागतं तेमुनिश्रेष्ठ सफलं जीवितं मम ॥ ६ ॥
प्राप्तःसार्द्धमरुन्धत्या चन्द्रश्चंद्रिकया यथा ॥
यतः प्राप्तोऽसि भगवान प्रदेशान्मुनिवत्सल ॥ ७ ॥
तन्निवेदय मे सर्वं श्रवणार्होस्मि चेन्मुने ॥

॥ वसिष्ठ उवाच ॥

अर्बुदारण्यमतुलं तीर्थकोटिसमन्वितम् ॥ ८ ॥
श्रुतं यदि भवेद्भूप पृथिव्यां पावनं परम् ॥
अस्ति तत्राऽऽश्रमोऽस्माकं नानामुनिजनप्रियः॥ ९ ॥
तत्र तीर्थावगाहाय प्राप्ताः सप्तर्षयोऽमलाः ॥
यत्प्रसादेन पद्माया. पञ्चक्रोशप्रमाणतः ॥ १० ॥

અર્થ—તેને પ્રણામ કરી હાથ જોડી માંધાતા કહે છે કે, મુનિશ્રેષ્ટ, તમે ભલે પધાર્યા, મારૂં જીવતર સફળ થયું. જેમ ચંદ્ર, ચંદ્રિકાનીસાથે આવે તેમ હે ભગવન્ ! આપ જે જગાએથી મારે ઘેર પધાર્યા તે સ્થાન જો હું સાંભળવા યોગ્ય હોઊં તો કહો. ત્યારે વશિષ્ઠ

બોલ્યા હે રાજા ! જો તારા સાંભળવામાં આવ્યું હોય તો પૃથ્વીમાં પવિત્ર અને કરોડો તીર્થયુક્ત એવું અર્બુદારણ્ય છે તેમાં, અનેક મુનિજનોને પ્રિય અમારો આશ્રમ છે; ત્યાં તીર્થમા સ્નાન કરવા સારૂ નિર્મળ એવા સપ્તર્ષિઓ આવ્યા. જેમાં પાંચ કોશના ઘેરાવનો લક્ષ્મીજીનો મેહેલ છે.

श्रीमालं क्षेत्रमित्यासीद्विश्रुतं भूप भूतले ॥
तत्र तीर्थानि भूयांसि तदागच्छत पश्यत ॥११॥

॥ मान्धातोवाच ॥

कथं तदभवत्क्षेत्रं ख्यातं श्रीमालसंज्ञकम् ॥
कथं तत्र गता लक्ष्मीर्देवी तुष्टा वरं ददौ ॥ १२ ॥

॥ वसिष्ठ उवाच ॥

पुरा भृगोः समुत्पन्ना ख्याता श्रीः किल भूमिप॥
अद्वैतरूपिणी कन्या प्रबुद्धांबुजलोचना ॥ १३ ॥
तत्राऽऽलोक्य मनोहारि कन्यारत्नं भृगुर्मुनिः ॥
अनुरूपाय कस्मैचिन्मया देया तु सुंदरी ॥ १४ ॥
अस्याः समो वरः कश्चित्त्रैलोक्ये नाऽस्ति मे मतिः।
विना समस्तगीर्वाणनेतारं गरुडध्वजम् ॥ १५ ॥

અર્થ—હે રાજા ! પૂર્વે આ પૃથ્વીમાં શ્રીમાળ નામે વિખ્યાત ક્ષેત્ર હતું, ત્યાં ઘણાં તીર્થો છે આવો જુઓ. ત્યારે માંધાતા બોલ્યો કે, તે શ્રીમાળ નામનું ક્ષેત્ર કેમ વિખ્યાત થયું અને ત્યાં લક્ષ્મી કેમ ગઈ અને શા ઉપરથી પ્રસન્ન થઈ વરદાન દીધું. આવું સાંભળી વસિષ્ઠ બોલ્યા કે પૂર્વે ભૃગુમુનિની પુત્રી શ્રી (લક્ષ્મી) એવે નામે પ્રખ્યાત થઈ. ખીલેલાં કમળો સરખાં નેત્રવાળી તે કન્યા જેવી બીજી કોઈ

નથી. ત્યાં ભૃગુમુનિ આવ્યા અને તે કન્યા રત્નને જોઈ વિચાર કર્યો કે મારે આ કન્યા કોઈ યોગ્ય વરને દેવી, પણ આને યોગ્ય વર ત્રૈલોક્યમાં કોઈ નથી; ફક્ત સર્વ દેવના નાયક એક વિષ્ણુ છે.

इति चिन्तयतस्तस्य महर्षेर्भावितात्मनः ॥
*वायु स्पृशन्कणद्वीणो नारदः खादवातरत्॥१६॥

॥ नारद उवाच ॥

इयं देवी जगन्माता लक्ष्मीर्विष्णोःपरिग्रहः ॥
हरिः स एव भर्त्तोऽस्याः पर्जन्य इव विद्युतः॥१७॥

॥ भृगु रुवाच ॥

स्वागतं ते मुनिश्रेष्ठ ब्रह्मपुत्र द्विज प्रिय ॥
येन चिन्ताज्वरः क्रूरो मम सम्प्रति नाशितः॥१८॥

॥ नारद उवाच ॥

अपमर्थ ऋषीकेश देवदेवे जगद्गुरौ ॥
निवेदनीयो हि मया साधनीयश्च निश्चितम्॥१९॥

॥ वसिष्ठ उवाच ॥

तथेत्युक्तेऽथ भृगुणा भगवान्नारदोययौ ॥
जगाम दुग्धपाथोधौ द्रष्टुं पतगकेतनम् ॥ २० ॥

અર્થ—ભૃગુઋષિ એવો વિચાર કરે છે, એટલામાં વાયુનો સ્પર્શ કરતા અને વીણા વગાડતા નારદજી આકાશમાંથી ઉતર્યા. નારદ બોલ્યા કે, આ દેવી લક્ષ્મી છે તે જગતની મા અને વિષ્ણુની સ્ત્રી છે. વીજળીનો સ્વામી જેમ મેઘ છે તેમ આનો ભરતાર હરિજ

* वायुस्पर्शक्कणद्वीणइतिपाठःसाधुः ॥

છે, ત્યારે ભૃગુ બોલ્યા. મુનિશ્રેષ્ઠ ! તમે ભલે પધાર્યા. હે બ્રહ્મપુત્ર! હે બ્રાહ્મણપ્રિય ! આપના આવવાથી હાલ મારો ક્રૂર ચિંતાજ્વર નાશ પામ્યો. નારદ કહે છે કે, આ વાત હું દેવના દેવ અને જગતના ગુરૂ વિષ્ણુને કહીશ અને નિશ્ચે એ કામ સિદ્ધ કરવું. વસિષ્ઠ નારદનાં વચન સાંભળી તે વાત ભૃગુએ કબુલ કરી ત્યારે ભગવાનને મળવા સારૂ નારદજી ક્ષીરસાગર તરફ ગયા અને ત્યાં જઈ સ્તુતિ કરવા લાગ્યા.

देवदेव जगन्नाथ विश्वभावन केशव ॥
भृगोर्गेहे समुत्पन्नां प्रेयसीं स्मरसे न किम् ॥२१॥
तामुद्वह महालक्ष्मीं लोकाभ्युदयकारिणीम् ॥

॥ श्रीभगवानुवाच ॥

माघस्य विमले पक्षे पुण्ये एकादशीदिने ॥ २२ ॥
नक्षत्रे सोमदैवत्ये उद्वाढाऽस्मि भृगोःसुताम् ॥
अथ तस्मिन् क्षणेपुण्ये सुरौघैरादृतो हरिः ॥
तत्राऽऽययौ महालक्ष्मी क्षीरसागररोधसः ॥ २३ ॥

अथाऽर्घमर्घ्याय ददौ मुनींद्रो ॥
भृगुर्वरेण्याय वराय तस्मै ॥
उद्वाहकाले मुनिकन्यका च ॥
वासो विचित्रं किल संदधाना ॥ २४ ॥

अथ कमलसंभवानुयोगात् ॥
कृशानौ ज्वलति सति सनातनो ॥
देवः भृगुदुहितृ पाणिपुंडरीकम् ॥
सहमनसासंगृहीतवानीशः ॥ २५ ॥

અર્થ–હે દેવના દેવ ! હે જગતના નાથ ! હે જગતના રક્ષક ! હે કેશવ ! ભૃગુઋષિના ઘરનેવિષે ઉત્પન્ન થએલી પ્રિયાને કેમ યાદ કરતા નથી ? લોકને અભ્યુદય કરનાર તે મહાલક્ષ્મી સાથે લગ્ન કરો. આવાં નારદજીનાં વચન સાંભળી શ્રીભગવાન્ બોલ્યા કે, માઘ માસના નિર્મલ શુક્લપક્ષમાં પુણ્યકારી એકાદશીને રોજ *સોમદૈવત્ય નક્ષત્ર આવે છે, ત્યારે હું ભૃગુની પુત્રી પરણીશ. હવે તે પુણ્યકારી સમય આવ્યો, ત્યારે દેવતાઓએ આદર કરેલા હરિ ક્ષીરસાગરના કાંઠા ઉપરથી મહાલક્ષ્મીપાસે આવ્યા. તે ઉત્તમ વર જોઈ મુનીંદ્ર ભૃગુએ અર્ઘ આપ્યો. વિવાહના સમયમાં અગ્નિની સાક્ષીએ બ્રહ્માની પેરવીથી વિચિત્ર વસ્ત્ર ધારણ કરનારી ભૃગુઋષિની પુત્રી લક્ષ્મીનું ભગવાને પાણી ગ્રહણ કર્યું.

अपतदवनिपीठे वायुमार्गादुदग्रात् ।
सुरभिकुसुमवृष्टिः शंखनादानुविद्धा ॥
ननृतुरपि समन्तादेकपार्श्विदिशन्तः ।
सुरवरमुनिसंघाःसार्द्धमीशेनतत्र ॥ २६ ॥
प्रदक्षिणीकृत्य स वेदिमध्ये ॥
हुताशनं श्रीरमणः स्वयंभूः ॥
उत्संगमारोप्यभृगोस्तनूजां ॥
जगत्पतिर्गंतुमियेष राजन् ॥ २७ ॥
अथ सुरमुनिवृंदपूजितेऽस्मिन् ॥
भृगुरपि संविदधे कुलस्यकृत्यम् ॥
†अथ परिणीय जगद्धिताय लक्ष्मीं ॥
हरिरुरगाद्दिषमारुरोहराजन् ॥ २८ ॥

---

* મૃગશીર્ષ. † लंकारवसांसिसमादधेसेति पा. सा. ॥

श्रीपाणिग्रहणाख्यानमिदंयः शृणुयान्नरः ॥
तस्यसर्वेश्वरी लक्ष्मीर्नजातु स्यात्पराङ्मुखी॥२९॥

॥ श्रीरुवाच ॥

अत्रर्षयो महात्मानो नानागोत्रास्तपस्विनः ॥
सह पत्नीभिरायांतु पुत्रैः शिष्यैः समावृताः ॥३०॥

અર્થ—તે વખતે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ, શંખનાદ થયો અને રોમાંચિત થએલ. સુર અને મુનિના સંઘ મહાદેવ સાથે નાચવા લાગ્યા. લક્ષ્મીના પતિ વિષ્ણુએ વેદીના મધ્યમાં રહેલા અગ્નિની પ્રદક્ષિણા કરી ભૃગુની પુત્રીને ખોળામાં બેસારી પોતાના સ્થાન ઉપર જવાની ઈચ્છા કરી દેવતા અને મુનિના સમૂહથી પૂજાએલા વિષ્ણુનેવિષે ભૃગુએ પોતાના કુળની રીત કરી. હે રાજન્! જગતનું હિત કરવા લક્ષ્મીને પરણી હરિ ગરૂડજીઉપર બેઠા. લક્ષ્મીના પાણિગ્રહણનું આ આખ્યાન જે માણસ સાંભળે તેને કોઈ દિવસ લક્ષ્મી છોડી દેતી નથી. લક્ષ્મી કહે છે કે, નાના પ્રકારના ગોત્રોમાં ઉત્પન્ન થએલા હે મહાત્મા ઋષિઓ! પુત્ર, શિષ્ય અને સ્રીઓએ કરી સહિત તમે અહીં આવો.

इमां भूमिं प्रदास्यामि ब्राह्मणेभ्यः समाहिता ॥
अत्रांशेन ममैवाऽस्तु निवासः शाश्वतीः समाः ।३१।

॥ श्रीभगवानुवाच ॥

त्वं देवी परमाशक्तिः सर्वदेवेष्ववस्थिता ॥
यदीच्छासि कुरु क्षिप्रं कस्ते दातुं वरं क्षमः॥ ३२ ॥
इत्याख्याय चतुर्बाहु रवोचत स्वगणान्बहून ॥
भोभो प्रयात त्वरितं दिक्षु सर्वास्वतंद्रिताः ॥३३॥

ये केचिन्मुनयः संति तेषां पुत्रा यशस्विनः ॥
पुण्यक्षेत्रेष्वरण्येषु ग्रामेषु नगरेषु वा ॥ ३४ ॥
तानानयत संपूज्य ऋषिपुत्रान् सुवर्चसः ॥

॥ वसिष्ठ उवाच ॥

इत्यादिष्टागणश्रेष्ठाः प्रणिपत्य जनार्दनम् ॥ ३५ ॥

અર્થ—આ જમીન તમને હું આપું અને અહીં અંશે કરી ઘણાં વર્ષ લગી મારો નિવાસ રહેશે. એવું સાંભળી ભગવાન્ બોલ્યા કે તું દેવી છે, પરમશક્તિ છે અને સર્વ દેવોનેવિષે રહેલી છે જે ઇચ્છા હોય તે તરત કર. તને વરદાન આપવા કોણ સમર્થ છે. તુંજ સર્વને વરદાન દેનારી છે એવી રીતે ચતુર્ભુજ ભગવાને લક્ષ્મીને કહ્યું. તે પછી ઘણા ગણને હુકમ કર્યો કે હે ગણો ! સાવધાન થઇ સર્વ દિશાઓમાં જાઓ જે કોઇ મુનિ હોય કે યશસ્વી તેના પુત્રો હોય તેને પુણ્યક્ષેત્રમાંથી, અરણ્યમાંથી, ગામ અને નગરમાંથી એવી રીતે સર્વ જગો ઉપરથી તેજસ્વી ઋષિપુત્રોને પૂજી અહીં બોલાવો. આવી ભગવાનની આજ્ઞા ઉપરથી તે શ્રેષ્ઠગણો ભગવાનને પ્રણામ કરી.

तद्देशात्ते गताः सर्वे समानेतुं द्विजर्षभान् ॥
गतेष्वथ गणौघेषु शंखचक्रगदाधरः ॥ ३६ ॥
विश्वकर्माणमाहूय प्रोवाचेदं वचस्तदा ॥
अत्र सौधानि दिव्यानि कुरु क्षिप्रमतंद्रितः ॥ ३७ ॥
मुमुक्षूणामपि यथा हरन्ति प्रसभं मनः ॥

॥ विश्वकर्मोवाच ॥

यदादिशति देवो मामित्यालप्य कृतांजलिः ॥ ३८ ॥
विदधे सौधसंबाधं नगरं तत्र विश्वकृत् ॥

॥ श्रीरुवाच ॥

शालाकर्मणि सर्वत्र याज्यमाने न येनराः ॥३९॥
तुभ्यं हर्विषि होष्यन्ति तेषां न श्रीःकदाचन ॥
अथ ब्रह्मादयो देवा तन्निरीक्ष्य पुरोत्तमम् ॥४०॥

અર્થ—સર્વ બ્રાહ્મણોને બોલાવવા ગયા. એના ગયા પછી શંખચક્ર, અને ગદા ધારણ કરનાર ભગવાને વિશ્વકર્માને બોલાવી કહ્યું કે, આ જગોએ દિવ્ય મેહેલાત તરત કર; તેમાં ગફલત નહી કરતો, એવી સુંદર ઇમારત થાય કે જે જોઈ મુમુક્ષુનું મન પણ લલચાય. આવું સાંભળી વિશ્વકર્માએ કહ્યું કે જેવી આપની આજ્ઞા. એવું કહી હાથ જોડી ઘણા મેહેલથી ભરપૂર એક નગર બનાવ્યું. તેને જોઈ પ્રસન્ન થઈ લક્ષ્મીજી તે વિશ્વકર્માને કહે છે કે, જ્યાં જ્યાં વાસ્તુયજ્ઞ થતો હોય ત્યાં તારે માટે જે હવિ નહીં હોમે તેના ઘરમાં કોઈ દિવસ સંપત્તિ નહીં રહે. હવે તે ઉત્તમપુર જોઈ બ્રહ્માદિક દેવતાઓ.

बद्धांजलिपुटा ऊचुर्जगद्धात्रीं श्रियं प्रति ॥

॥ ब्रह्मोवाच ॥

परमात्ममयं ब्रह्म स्वस्वरूपं महेश्वरि ॥ ४१ ॥
प्राप्तायां त्वयि देवौघै र्मालाभिर्भूरियं वृता ॥
तद्विमानैश्च परमैस्त्वत्पादांकैः पवित्रिता ॥ ४२ ॥
श्रियमुद्दिश्य मालाभिरावृता भूरियं सुरैः ॥
ततः श्रीमालनाम्ना तु लोके रुयातमिदं पुरम् ॥४३॥
इति दत्वावरं देवा देव्यै तत्र नरेश्वर ॥
तस्थुः सौधकदंबेषु समर्पितमनोदृशः ॥ ४४ ॥

ब्रह्मा विष्णुश्च रुद्रश्च सा च देवी जगद्धिता ॥
ऋषिपुत्रागमोत्कंठां बिभ्रतो ह्यवतस्थिरे ॥ ४५ ॥

અર્થ–હાથ જોડી જગતની માતા લક્ષ્મીને કહેવા લાગ્યા કે હે મહેશ્વરી, પરમાત્મા બ્રહ્મ સ્વસ્વરૂપ છે. તમારા પ્રાપ્ત થવાથી દેવતાઓએ આ પૃથ્વી માળાથી વ્યાપ્ત કરી દીધી તેઓનાં વિમાન અને ઉત્તમ તમારાં પગલાના ચિન્હોથી આ પૃથ્વી પવિત્ર થઈ છે. લક્ષ્મીનો ઉદ્દેશ કરી દેવતાઓએ આ પૃથ્વી માળાઓથી ઢાંકી મુકી તેથી આ શેહેરનું નામ શ્રીમાળ એવું પડશે. એવી રીતે ત્યાં લક્ષ્મીને વરદાન આપ્યું. તે પછી મેહેલો, મન અને દ્દષ્ટિનું આકર્ષણ કરે છે તેથી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને જગતનું હિત કરવાવાળી તે દેવી લક્ષ્મી, ઋષિ અને પુત્રોની રાહ જોતાં મેહેલમાં બેઠાં.

विस्मितेष्वथ देवेषु सहब्रह्मेशकेशवैः ॥
आगतानां विमानानां प्रादुरासीन्महास्वनः ॥४६॥
कलधौतमहास्तोमच्छन्नेवाऽऽसीत्सुरेंद्रदिक् ॥
ऋषिपुत्रानुपादाय प्राप्तो हरिगणो बली ॥ ४७ ॥
जयो जयंतो विजयो जयसेनो जयध्वजः ॥
चक्रपाणिर्महानंदो हर्यक्षो हलकेतनः ॥ ४८ ॥
चक्रनेत्रसुरानंदी नंदीशो नंदिवर्द्धनः ॥
एते चान्येच बहवो किंकराः कैटभद्विषः ॥ ४९ ॥
आश्रमेभ्यः समानिन्युर्मुनिपुत्रान्सुवर्चसः ॥
सर्वे वेदव्रतस्नाताः कृतदारपरिग्रहाः ॥ ५० ॥

અર્થ–આવેલા વિમાનોના મોટા શબ્દોથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સહિત દેવતા બધા વિસ્મય પામી ગયા. અને સોનાના ઢગલા-

થી આખી પૂર્વદિશા ઢંકાઈ ગઈ હોય તેવી દેખાઈ. તેટલામા બળવાન્ જય, જયંત, વિજય મહાસેન, જયધ્વજ, ચક્રપાણિ, મહાનંદ હર્યક્ષ, હલકેતન, ચક્ર, નેત્રસુર, આનંદી, નંદીશ અને નંદિવર્ધન એ અને બીજા પણ ભગવાન્‌ના ગણ આશ્રમોમાંથી વેદ જાણનારા, વ્રત કરનારા, સ્ત્રીસહિત તેજસ્વી મુનિપુત્રોને લાવ્યા.

स्रग्विणो दंडिनः शांता बिभ्राणाश्चकमंडलून् ॥
कुंडलाभरणाः सर्वे शुष्कवल्कलधारिणः ॥ ५१ ॥
शतानि पंच कौशिक्या द्विजेंद्राणामथाऽऽययुः ॥
विश्वामित्रोऽभ्यगाद्यत्र ब्राह्मणत्वं तपोधनः ॥ ५२ ॥
गंगाया अयुतं चैकं यत्राऽ तप्यद्भगीरथः ॥
गयाशीर्षात्तथा पंच शतानि श्रुतिशालिनाम् ॥ ५३ ॥
यत्रपिंडेन दत्तेन पितॄणामक्षयं भवेत् ॥
गिरेःकालिंजरात्सप्त शतानिक्रतुशालिनाम् ॥ ५४ ॥
लोपामुद्रापतिः श्रीमान् यत्रागस्त्योऽतपत्तपः ॥
महेंद्रादाययुस्त्रीणि शतानि धूतपाप्मनाम् ॥ ५५ ॥

અર્થ—માળા ધારણ કરનારા, દંડી, શાંત, કમંડળુ ધારણ કરનારા, કુંડળના આભરણવાળા સર્વે સુકી ઝાડની છાલનાં વસ્ત્ર પહેરનારા પાંચસો બ્રાહ્મણો કૌશિકી નદીના કીનારા ઉપરથી આવ્યા. તપસ્યાના બળથી બ્રાહ્મણપણું પામેલા વિશ્વામિત્ર પણ ત્યાં આવ્યા. જ્યાં ભગીરથે તપ કર્યું હતું તે ગંગાના સ્થાનથી દશ હજાર ઋષિઓ આવ્યા. ગયાશીર્ષથી શ્રુતિને જાણનારા પાંચસો મુનિઓ આવ્યા કે જ્યાં પિંડ દેવાથી પિતૃને અક્ષય તૃપ્તિ થાય છે. કાલિંજર પર્વત ઉપરથી સાતસો યાજ્ઞિક બ્રાહ્મણો આવ્યા. અને મહેંદ્ર પર્વત ઉપરથી નિષ્પાપી ત્રણસો બ્રાહ્મણ આવ્યા કે જ્યાં લોપામુદ્રાના પતિ અગસ્ત્યમુનિએ તપ કર્યું હતું.

यत्नं परममास्थाय यत्राऽ तप्यत भार्गवः ॥
साहस्त्रमचलेंद्रस्य कुंडोदस्य नदीतटात ॥ ५६ ॥
आगच्छन् भूमिदेवाना माज्ञया परमात्मनः ॥
शतानि पंच वेणायाः पूर्वतीरात्त्वरान्विताः ॥५७॥
राजदुज्वलकल्लोल जान्हवीयत्र संगता ॥
देवसूर्पारकादष्टौ शतान्यष्टाधिकानि च ॥ ५८ ॥
आगच्छन्मुनिपुत्राणां वेदवेदांग वेदिनाम् ॥
गोकर्णाच्च-हृदश्रेष्ठात् सहस्त्रं भावितात्मनाम्॥५९॥
आश्रमोऽगस्त्यशिष्यस्य यत्रास्ते सबहूदकः ॥
राजन् गोदावरीतीर्था त्साग्रमष्टोत्तरं शतम् ॥ ६० ॥

અર્થ—જ્યાં પરમ યત્નથી ભાર્ગવે તપ કર્યું હતું, તે કુંડોદ પર્વતની નદીના કીનારા ઉપરથી હજાર બ્રાહ્મણો આવ્યા. વેણાનદીના પૂર્વ કિનારા ઉપરથી ઉતાવળા ઉતાવળા પાંચસો બ્રાહ્મણો પરમાત્માની આજ્ઞાથી આવ્યા. રૂપાસરખા ઉજવળ કલ્લોલવાળી ગંગાજીનો જ્યાં સંગમ થયો છે તે દેવસૂર્પારકતીર્થથી આઠસો ને આઠ બ્રાહ્મણો આવ્યા. શ્રેષ્ઠ ગોકર્ણહૃદથી વેદવેદાંગને જાણનારા અને જીતેંદ્રિય હજાર બ્રાહ્મણ આવ્યા. હે રાજા અગસ્ત્યના શિષ્યનો જ્યાં ઘણા પાણીવાળો આશ્રમ છે તે ગોદાવરીના તીર્થથી એકસો ને આઠ બ્રાહ્મણો આવ્યા.

सुतप्तं श्रूयते यत्र गौतमेन महात्मना ॥
प्रभासादाययुर्विप्रा द्वात्रिंशदधिकं शतम् ॥ ६१ ॥
उज्जयंताद्यथोशैलादगात्पंचोत्तरं शतम् ॥
पुरा यत्र तपस्तेपे मुनिः किल निशाकरः ॥ ६२ ॥

तटाद्वैकलकन्यायाः शतमेकं दशोत्तरम् ॥
यत्र माहिष्मतीनाथो बबंध दशकंधरम् ॥ ६३ ॥
गोमत्याः पुलिनाद्व्राभ्या मधिका सप्तसप्ततिः ॥
ययाचे सागरं यत्र भूमिं दुर्गाय दैत्यभित् ॥ ६४ ॥
समीयुः सोमपाः श्रेष्ठाः सहस्रं नंदिवर्द्धनात् ॥
आनीतो यो मया पूर्वं महाविवरपूर्त्तये ॥ ६५ ॥

અર્થ—જ્યાં મહાત્મા ગૌતમમુનિએ તપ કર્યું હતું એ પ્રભાસથી તેત્રીશસો વિપ્ર આવ્યા. જ્યાં નિશાકર મુનિએ તપ કર્યું હતું એ ઉજ્જયંત પર્વત ઉપરથી એકસો ને પાંચ બ્રાહ્મણો આવ્યા. માહીષ્મતીપુરીના રાજા સહસ્રાર્જુને જ્યાં રાવણને બાંધ્યો હતો તે વૈકલકન્યા નદીના કીનારા ઉપરથી એકસો ને દશ બ્રાહ્મણો આવ્યા. જ્યાં ઈંદ્રે કિલ્લો બાંધવા જમીન માગી હતી, એ ગોમતી નદીના કાંઠા ઉપરથી સત્તોતેર બ્રાહ્મણો આવ્યા. મોટો ખાડો ભરવા પ્રથમ હું જેને લાવ્યો હતો, એ નંદિવર્ધન પર્વત ઉપરથી સોમપાન કરનારા હજાર શ્રેષ્ઠ બ્રાહ્મણો આવ્યા.

शतं सौगंधिकादद्रे राजगाम द्विजन्मनाम् ॥
भित्वा यत्र वटं देवी प्रादुरासीन्मृडप्रिया ॥ ६६ ॥
पुष्करात्पंचत्पंचाशदधिका च चतुःशती ॥
उर्वश्या वशमानिन्ये यत्रगाधिसुतः किल ॥ ६७ ॥
वैदूर्याशिखरादद्रेः शतान्यष्टौ तथा दश ॥
आयाता वेदविद्वांसो यत्रेजे माधवीसुतैः ॥ ६८ ॥
च्यवनस्याश्रमात्पुण्या त्पंचाशदधिकं शतम् ॥
उद्दधारपुरामत्स्यान् कृपालुर्यत्र भार्गवः ॥ ६९ ॥

२

गंगाद्वारात्सहस्रंच ऋषिपुत्राः समाययुः ॥
पुरोश्च पर्वतश्रेष्ठाद्विसहस्रं द्विजन्मनाम् ॥ ७० ॥
आययौ भूभुजां श्रेष्ठ यत्रजातः पुरूरवाः ॥

અર્થ—જ્યાં વડ ભેદી પાર્વતી પ્રગટ થયાં છે એ સૌગંધિક પર્વત ઉપરથી સો બ્રાહ્મણ આવ્યા. જ્યાં ગાધિના પુત્ર વિશ્વામિત્રે ઉર્વશીને વશ્ય કરેલી છે, એ પુષ્કર ક્ષેત્રથી ઓગણસાઠસો બ્રાહ્મણો આવ્યા. જ્યાં માધવીના પુત્રોએ યજ્ઞ કર્યો હતો તે વૈદૂર્ય પર્વતના શિખર ઉપરથી આઠસો ને દશ વૈદિક બ્રાહ્મણો આવ્યા. જ્યાં પૂર્વે કૃપાળુ ભાર્ગવમુનિએ મત્સ્યનો ઉદ્ધાર કર્યો હતો એ પુણ્યકારી ચ્યવન ઋષિના આશ્રમમાંથી દોઢસો બ્રાહ્મણો આવ્યા. ગંગાદ્વારથી હજાર અને હે રાજાઓમાં શ્રેષ્ઠ! જ્યાં પુરૂરવા થયો હતો, એ પર્વતશ્રેષ્ઠ પુરથી બે હજાર બ્રાહ્મણો આવ્યા.

गंगायमुनयोः संगादागान्मुनिशतद्वयम् ॥ ७१ ॥
विशाला बदरी यत्र नरनारायणो विभुः ॥
श्वेतकेतोः शतान्यष्टौ द्विजानामगमंस्तदा ॥ ७२ ॥
मध्ये शरवनं यत्र महासेनोऽभ्यजायत ॥
सहस्रं तु कुरुक्षेत्रात्पृथूदकनिषेविनाम् ॥ ७३ ॥
यत्रसर्वाणि तीर्थानि सन्निपत्य स्थितानि वै ॥
जामदग्न्यस्य पंचभ्यो ह्रदेभ्योष्टोत्तरं शतम् ।७४।
यत्र क्षत्रवधं कृत्वा ततर्प भृगुजः पितॄन् ॥
नंदा चापरनंदाच नद्यौ पापभयापहे ॥ ७५ ॥

અર્થ—ગંગા અને યમુનાના સંગમ ઉપરથી બસો મુનિ આવ્યા. વિશાળ બદરિકાશ્રમ કે જ્યાં નરનારાયણ રહ્યા છે, ત્યાંથી શ્વેતકેતુના વંશના આઠસો બ્રાહ્મણો આવ્યા. જેના મધ્યમાં શરવનમાંથી કાર્ત્તિકેય થયા તે કુરૂક્ષેત્રથી પૃથૂદકને સેવનારા હજાર મુનિ

આવ્યા. જ્યાં સર્વે તીર્થો એકઠાં થઈ રહ્યાં છે અને જ્યાં ક્ષત્રિયોનો વધ કરી પિતૃને તૃપ્ત કર્યા છે એવા પરશુરામના કરેલા પાંચ હૃદમાંથી એકસો ને આઠ વિપ્રો આવ્યા. નંદા અને અપરનંદા એવી બે નદીઓ પાપ અને ભયને ટાળનારી વહે છે.

*यत्रचाऽद्रिर्हैमकूटः संप्राप्तं च शतत्रयम् ॥
श्रीपर्वतात्सहस्राणि त्रीणि तिग्मांशुतेजसाम् ॥७६॥
यत्रदेव्या सहेशानो न्यवसत त्रिदशार्चितः ॥
सहस्रं तुंगकारण्यादागतं गतपाप्मनाम् ॥ ७७ ॥
वेदानध्यापयामास यत्र सारस्वतो मुनीन् ॥
लेभे ब्रह्मर्षितां यत्र विश्वामित्रो महातपाः ॥ ७८ ॥
तस्मात् त्रीणि सहस्राणिकौशिक्याआगमन्तटात् ॥
मेधाऽधिका नृपश्रेष्ठ शतानि नव वै द्विजाः ॥७९॥
प्राप्ता यत्रांबुसंस्पर्शान्मेधावी जायते पुमान् ॥

અર્થ—અને જ્યાં હેમકૂટ પર્વત છે ત્યાંથી ત્રણસો બ્રાહ્મણો આવ્યા, શ્રીપર્વતથી સૂર્યસરખા તેજસ્વી ત્રણ હજાર બ્રાહ્મણો આવ્યા, દેવના પૂજેલા શંકર જ્યાં પાર્વતીની સાથે રહ્યા હતા એ તુંગકારણ્યથી નિષ્પાપી હજાર બ્રાહ્મણ આવ્યા, જ્યાં સારસ્વતે મુનિઓને વેદ ભણાવ્યા હતા અને જ્યાં મહાતપસ્વી વિશ્વામિત્ર બ્રહ્મર્ષિપણું પામ્યા હતા અને જ્યાંના જળસ્પર્શથી પુરૂષ બુદ્ધિમાન્ થાય છે તે કૌશિકી નદીના કિનારા ઉપરથી ત્રણ હજાર બ્રાહ્મણો આવ્યા.

सोमाश्रमात्तथा राजन् सहस्रं सोमपायिनाम् ॥८०॥
नदीशतेभ्यः पंचभ्यो गंगासागरसंगमात् ॥
सहस्रे द्वे तथा पंच शतानीयुर्द्विजन्मनाम् ॥ ८१ ॥

---

*तत्र चाद्रेर्हैमकूटात्प्राप्तंमुनिशतत्रयमिति पा. सा. ॥

ऋचीकस्याश्रमात्पुण्यात् सहस्रं द्विशताधिकम् ॥
आययौ भूमिदेवानां यत्रार्चीकोतपत्तपः ॥ ८२ ॥
नारीतीर्थादथ प्राप्तं सहस्रं पंचभिर्युतम् ॥
पंचचैत्ररथाद्भूप सहस्राणि समाययुः ॥ ८३ ॥
नरतीर्थाच्छतान्यष्टौ प्राप्तानि परमौजसाम् ॥
विशल्यायास्तथा राजन् गंडक्याश्च द्विजन्मनाम् ८४
सहस्रमाययुस्तत्र मध्यान्हार्कसमत्विषाम् ॥
सरितःकिन्नराख्यायाः सार्द्धं शतचतुष्टयम् ॥ ८५ ॥

અર્થ–હે રાજન્! સોમાશ્રમથી હજાર સોમપાયી મુનિ આવ્યા. પાચસો નદીઓથી ગંગાસાગરના સંગમમાં બે હજાર અને પાચસો બ્રાહ્મણો આવ્યા. ઋચીકના પુણ્ય આશ્રમથી એક હજાર ને બસો બ્રાહ્મણો આવ્યા. કે જ્યાં ઋચીક ઋષિએ તપ કર્યું હતું. નારી તીર્થથી એક હજાર ને પાંચ બ્રાહ્મણો આવ્યા. હે રાજન્! ચૈત્રરથથી પાંચ હજાર બ્રાહ્મણો આવ્યા. નરતીર્થથી પરમ તેજસ્વી આઠસો બ્રાહ્મણો આવ્યા, વિશલ્યા અને ગંડકીથી સૂર્ય સરખા તેજસ્વી હજાર બ્રાહ્મણ આવ્યા. કિન્નરા નદીથી સાડા-ચારસો બ્રાહ્મણ આવ્યા.

*ब्रह्मतीर्थादुपेतानि शतानि त्रीणि चाययुः ॥
शतानि सप्त तत्रैव धर्मारण्यादयाऽऽययुः ॥ ८६ ॥
आगतं सैन्धवारण्याद्राजन्यं च सहस्रकम् ॥
मुनीनां वेदवेत्तॄणां ब्रह्मविद्याविशारदाम् ॥ ८७ ॥
अवंतीविषयात्पंच शतानि ब्रह्मवादिनाम् ॥
आगतं मनुजश्रेष्ठ शतं काशीनिवासिनाम् ॥ ८८ ॥

---

*चाययुरिति पा. सा. ॥

उपतस्थे स्वयं तत्र गौतमः स महातपाः ॥
अथ तानागतान् दृष्ट्वा नानागोत्रान्मनीषिणः ॥ ९ ॥
उवाच मधुरं वाक्यं देवीं दैत्यकुलांतकः ॥

॥ श्रीभगवानुवाच ॥

समवेतानिमान् पश्य द्विजान् देवि तवाज्ञया ॥ १० ॥

અર્થ—બ્રહ્મતીર્થથી ત્રણસો અને ધર્મારણ્યથી સાતસો બ્રાહ્મણ આવ્યા. સૈંધવારણ્યથી પાંચ હજાર વેદ અને બ્રહ્મવિદ્યા જાણનારા બ્રાહ્મણો આવ્યા. હે રાજન ! કાશીના રહેવાસી સો બ્રાહ્મણ આવ્યા. ત્યાં મહાતપસ્વી ગૌતમમુનિ પણ આવ્યા. વિવિધ ગોત્રના વિદ્વાન બ્રાહ્મણોને આવેલા જોઈ દૈત્યના કુળનો અંત આણનાર વિષ્ણુ લક્ષ્મીને કહે છે કે, હે દેવિ ! તમારી આજ્ઞાથી આ બધા એકઠા થયા છે જુવો.

कुर्वाणा विमलं व्योम महोभिः स्वशरीरजैः ॥
यदर्थमनिशं देवि पालयामि जगत्त्रयम् ॥ ११ ॥
तपन्ति विश्वकर्तारो वेदाधारा द्विजातयः ॥
हवींषि सुकृतान्येतैर्ब्राह्मणैर्हुतभुङ्मुखे ॥ १२ ॥
आदायेंद्रश्च वृष्टिं वै करोत्यन्नाय भूतले ॥
हविषा तर्पिता देवा नरैर्नानाध्वरेषु च ॥ १३ ॥
एभिर्दुष्पौरुषान्दैत्यान् जयंति शतशः परान् ॥
एतेभ्यः पृथिवी श्रेष्ठा सशैलवनकानना ॥ १४ ॥
एषामर्थे निजांशांशैरवतारान् करोम्यहम् ॥
मर्त्यलोके जनैः सर्वैरेते पाज्या हि देववत् ॥ १५ ॥

અર્થ—પોતાના શરીરના તેજેકરી આકાશને નિર્મળ કરે છે. હે

દેવિ ! જેને માટે હું નિત્ય ત્રણ જગત્ પાળું છું. વેદને આધારે તૃપ્ત કરે છે. જગત્‌ના સ્રજનારા પણ એજ છે. અગ્નિમાં સારી રીતે હોમ કરે છે તેથી એ હુતદ્રવ્ય લઈ ઇન્દ્ર, અન્ન નિપજાવવા વાસ્તે પૃથ્વીમાં વરસાદ વરસાવે છે. નાના પ્રકારના યજ્ઞોમાં આહુતિએ કરી દેવતાઓને તૃપ્ત કરે છે અને આ યજ્ઞનાજ સાધનથી સેંકડો દુષ્ટ દૈત્યોને જીતે છે. પર્વત અને જંગલવાળી પૃથ્વી આ બ્રાહ્મણથીજ શ્રેષ્ઠ છે. એને માટેજ પોતાના અંશોએ કરી હું અવતાર ધારણ કરૂં છું. મનુષ્ય લોકમાં દેવતાની પેઠે સર્વ જનોએ આ બ્રાહ્મણોજ પૂજવા લાયક છે.

तेन लोके सुरेशानि भूदेवा इति विश्रुताः ॥
पृथिव्यां जायमानो हि ब्राह्मणः स्यादधीश्वरः।९६।
गोप्तावै धर्मकोशस्य शास्ता सर्वशरीरिणाम् ॥

॥ वसिष्ठ उवाच ॥

इति त्रिजगतां नाथे प्रियां समनुजल्पति ॥ ९७ ॥
विहाय वरयानानि द्विजाः प्रांजलयः स्थिताः ॥
ऊचुः परमसंहृष्टा भार्गवीं भुवनेश्वरीम् ॥ ९८ ॥

॥ ब्राह्मणा ऊचुः ॥

इमे वयमनुप्राप्ता तवाज्ञावशवर्त्तिनः ॥
समादिश यथाभीष्टं मातः किं करवामहे ॥ ९९ ॥

॥ वसिष्ठ उवाच ॥

इति तान्मधुरालापानवलोक्य हरिप्रिया ॥
स्वागतं वोस्त्विति प्रोच्य तत्रोपावेशयद्द्विजान्।१००।

અર્થ—હે દેવિ ! ઉપરના કારણોથીજ લોકમા બ્રાહ્મણો ભૂદેવ

એવી રીતે વિખ્યાત છે બ્રાહ્મણ પૃથ્વીમાં ઉત્પન્ન થાય એટલે તે સત્તાવાન્ થાય છે. ધર્મકોશનો રક્ષક અને સર્વ પ્રાણીઓનો શિક્ષક બ્રાહ્મણ છે. વસિષ્ટ કહે છે કે ત્રણ જગતના નાથ વિષ્ણુએ પ્રિયાને એવી રીતે કહ્યું, ત્યાર બાદ બ્રાહ્મણો શ્રેષ્ઠ વાહનોને છોડી દઈ હાથ જોડી ઉભા. અને અતિ રાજી થઈ ભુવનેશ્વરી ભૃગુની પુત્રી લક્ષ્મીને કહેવા લાગ્યા કે અમે આપની આજ્ઞાને વશ થઈ આવ્યા છીએ. હે માતાજી ! જેમ ઇચ્છા હોય તેમ આજ્ઞા કરો અમે શું કરીએ. વસિષ્ઠ કહે છે કે એવા બ્રાહ્મણોના મધુર વચન સાંભળી તમે ભલે પધાર્યા એમ કહી તેઓને બેસાર્યા.

आसनेसूपविष्टास्ते ददृशुः पुरतः पुरम् ॥
विचित्रमणिरत्नाढ्यं सादप्राकारतोरणम् ॥ १०१ ॥
कांचनस्तंभशोभाढ्यं जालवातायनावृतम् ॥
स्वर्गादपि मनोहारि सूर्यादपि च भासुरम्॥ १०२ ॥
अग्निकुंडसगर्भाभिरग्निशालाभिरावृतम् ॥
नागदन्तावलिचितं परितो हेमभूषितम् ॥ १०३ ॥
वेदिकोपत्यकाकीर्णं जलान्वितमहानसम् ॥
पताकाध्वजशोभाढ्यं रंभास्तंभविभूषितम् ॥ १०४ ॥
सुसंस्कृतपुरद्वारं मणिमालाशताकुलम् ॥
सुवर्ण*कलशाक्रान्तं शिरोगृहतमोपहम् ॥ १०५ ॥

અર્થ—ત્યાં આસન ઉપર બેઠેલા બ્રાહ્મણોએ પાસે એક વિચિત્ર મણિરત્નોથી સુશોભિત મોટા કિલ્લા અને તોરણવાળું શેહેર જોયું. સોનાના સ્તંભોની શોભાથી યુક્ત જાળીઆં અને ગોખથી યુક્ત, સ્વર્ગથી પણ વધારે મનહરણ કરનાર સૂર્યથી પણ દીપતું, અગ્નિ કુંડવાળી અગ્નિશાળાથી ભરપૂર, ભીંતીઓની પંક્તિથી ભરપૂર,

*कलशोपेतमिति पा. सा. ॥

ચોમેર સુવર્ણથી શણગારેલું વેદીથી યુક્ત, પાણીઆરાં અને રસોડાં સહિત, પતાકા અને ધજાની શોભા યુક્ત, કેળના થાંભલાથી સુ-શોભિત, શણગારેલા દરવાજાવાળું, મણિની સેંકડો માળાથી ભર-પૂર, સોનાના કળશવાળું અને અવકાશવાળી આગાસીઓથી વ્યાપ્ત,

पंचयोजनविस्तारं चतुरस्रं समंततः ॥
गंधोदकनिषेकेण शांतरेणु महापथम् ॥ १०६ ॥
प्रकीर्णकामलामोद गुणाकृष्टमधुव्रतम् ॥
अप्रमेयमहोरूप मसंख्येयस्फुरद्गुणम् ॥ १०७ ॥
तन्निरीक्ष्य महाराज द्विजेन्द्राः परमा मुदः ॥
प्रपेदिरे तथा सर्वे सोमपानाद्यथाऽध्वरे ॥ १०८ ॥
सत्कुर्वतां प्रणमतां स्तुवतामितरेतरम् ॥
देवानां भूमिदेवानां समाजः सतदाबभौ ॥ १०९ ॥
वयोवृद्धं तपोवृद्धं विद्यावृद्धं तपोधनम् ॥
गौतमं ते पुरुस्कृत्य सोमपाःसमुपाविशन् ॥ ११० ॥

અર્થ—પાંચ યોજનના ઘેરાવવાળું, ચોમેર સમચતુરસ્ત્ર, સુગંધી પાણી છાંટવાથી શાંત ધૂળવાળું, નિર્મળ સુગંધના ગુણથી ખેંચાઈ ભમતા ભમરાવાળું, અપ્રમેય, અને અસંખ્યેય ગુણવાળું એ શેહેર જોઈ સર્વે બ્રાહ્મણોને યજ્ઞમાં જેમ સોમપાનથી આનંદ થાય તેવો આનંદ થયો. પરસ્પર સત્કાર કરતા, પ્રણામ કરતા અને સ્તુતિ કરતા બ્રાહ્મણોનો મોટો સમાજ થયો. સોમપાન કરનારા તે બ્રાહ્મણો, વયોવૃદ્ધ તપોવૃદ્ધ અને વિદ્યાવૃદ્ધ ગૌતમ મુનિને મુખ્ય કરી બેઠા.

समीक्ष्य तान् विप्रवरानुपागतान् ॥
समिद्धवैश्वानरवर्चसस्तदा ॥

बभारहर्षात्पुलकांकितं वपु ॥
र्न्यवर्त्तपद्माशु दृशो महेश्वरी ॥ १११ ॥
अथाऽगतेषु विप्रेषु तेष्वाश्रमनिवासिषु ॥
स्मितभिन्नाधरपुटा श्रीरुवाच जनार्दनम् ॥११२॥

॥ श्रीरुवाच ॥

अशेषभुवनाधार सर्वज्ञाननिकेतन ॥
एतेषुसन्निविष्टेषु कथमर्घः प्रदीयताम् ॥ ११३ ॥

॥ श्रीभगवानुवाच ॥

*उपहारैर्गृहान् पूर्वं संपूज्य विधिवत्ततः ॥
प्रशंसंति द्विजा दानमिति मार्गः सनातनः ॥११४॥
इत्युक्त्वा जगतां धात्री निधीनष्टौ समादिशत् ॥
स्थित्यर्थं भूमिदेवानां गृहेषु नृपसत्तम ॥ ११५ ॥

અર્થ—પ્રદીપ્ત અગ્નિ સરખી કાંતિવાળા પ્રાપ્ત થએલા તે ઉત્તમ બ્રાહ્મણોને જોઈ લક્ષ્મીએ હર્ષથી રોમાંચિત થએલું શરીર ધારણ કર્યું. આવી રીતે આશ્રમ નિવાસી મુનિઓ આવ્યા ત્યારે મંદહાસ્યથી જેના હોઠ ઉઘડેલા છે એવાં લક્ષ્મી હરિને કહે છે કે હે સર્વ ભુવનના આધાર! હે સર્વ જ્ઞાનના ભંડાર! આ સર્વ બ્રાહ્મણો બેઠા છે, તેમાં અર્ઘ કેમ દેવો. આવાં લક્ષ્મીનાં વચન સાંભળી ભગવાન બોલ્યા કે, પ્રથમ ઉપહારે કરી વાસ્તુની પૂજા કરી પછી બ્રાહ્મણોને દાન કરવું શ્રેષ્ઠ છે આ સનાતન માર્ગ છે. એવી રીતે લક્ષ્મીને કહી હરિએ બ્રાહ્મણોના ઘરમાં રહેવા આઠ ભંડારને આજ્ઞા આપી.

---

*उपचारैरिति पा. सा. ॥

॥ ब्राह्मणा ऊचुः ॥

त्रातः सर्वस्य लोकस्य भगवन धर्मदर्शक ॥
त्वं गतिर्जगतां विष्णो मुनीनां च महात्मनाम् ११६
माननीया महात्मानस्ते च सर्वे तपस्विनः ॥
त्वयैव मानिता ह्येते पूज्यंते मानवैर्भुवि ॥ ११७ ॥

॥ वसिष्ठ उवाच ॥

एतच्छ्रुत्वा महाराज मुरजिन्मुनिभाषितम् ॥
आददेर्घं द्विजातिभ्यो विधिवत् ब्राह्मणप्रियः ११८
ततो गृहीतमात्रेर्घे ब्रह्मा विष्णुमवोचत ॥
पंचाशदिह सर्वेषां सहस्राणि द्विजन्मनाम् ॥ ११९॥
यं वेत्सि वरमेतेषामर्घं तस्मै कुरु प्रभो ॥

॥ आंगिरसा ऊचुः ॥

अयमस्मत्कुले श्रेष्ठो वाग्मी वेदार्थवित्तमः ॥ १२० ॥

અર્થ—બ્રાહ્મણો કહે છે કે, હે ભગવન્! હે ધર્મદર્શક! સર્વ લોકનું રક્ષણ કરનારા તમે છો. હે વિષ્ણો! તમે જગતની, અને મહાત્મા મુનિઓની ગતિ છો તે સર્વે તપસ્વિઓ માનવા યોગ્ય છે અને તમારા માન ઉપરથી એ બ્રાહ્મણો પૃથ્વીમાં મનુષ્યોથી પૂજાય છે. વસિષ્ઠ કહે છે કે, હે મહારાજ! આ પ્રમાણે મુનિઓનું બોલવું સાંભળી બ્રાહ્મણ જેને વાહાલા છે એવા કૃષ્ણે બ્રાહ્મણોની વિધિ પ્રમાણે પૂજા કરવા માંડી. પૂજાનો પદાર્થ લીધો ત્યારે બ્રહ્મા, વિષ્ણુને કહેવા લાગ્યા કે અહિં સઘળા મળી પચાસ હજાર બ્રાહ્મણો છે તેમાંથી જેને શ્રેષ્ઠ માનતા હો તેની પહેલાં પૂજા કરો. ત્યારે

આંગિરસ બ્રાહ્મણો બોલ્યા કે આ અમારા કુળનેવિષે શ્રેષ્ઠ છે, વાણી બોલવામાં કુશળ, વેદના અર્થો જાણનાર

प्रणेता चागमार्थाना मतोर्घं गौतमोर्हति ॥

॥ अपरे ऋषय ऊचुः ॥

नारायण सुरश्रेष्ठ शंखचक्रगदाधर ॥ १२१ ॥
अर्हत्तमपरिज्ञान त्वं प्रमाणमिहासि न ॥

॥ वसिष्ठ उवाच ॥

*इत्येवं हि सुविप्रेंद्रैः स्तूयमाने हि गौतमे ॥१२२॥
ऊचुरीर्ष्यायुताः केचित्सैंधवारण्यवासिनः ॥

॥ ब्राह्मणा ऊचुः ॥

भोभो गौतम केनासिश्रेष्ठोस्माकं गुणेन वै ॥१२३॥
तद्ब्रूहि यदि देवेषु प्रावीण्यमवलंबसे ॥
सर्वे तपस्विनो विप्राः सर्वे तीर्थनिवासिनः ॥१२४॥
सर्वे पूज्यतमा लोके ब्राह्मणा भूमिदेवताः ॥
तेषां पृथक् पृथक् पूजा कार्या नित्यं सुरेश्वर १२५

અર્થ—અને વેદાર્થના વક્તા ગૌતમ છે માટે પહેલી પૂજા તેની થવી જોઇએ. બીજા ઋષિઓ બોલ્યા હે નારાયણ ! હે સુરશ્રેષ્ઠ ! હે શંખ ! ચક્ર અને ગદાને ધારણ કરનાર હે પૂજ્ય જ્ઞાનવાળા ! આ બાબતમાં આપજ પ્રમાણ છો. વસિષ્ઠ કહે છે કે, એવી રીતે બ્રાહ્મણોએ ગૌતમમુનિની સ્તુતિ કરી ત્યારે કેટલાએક સૈંધવારણ્યના રહીશ ઈર્ષ્યાળુ બ્રાહ્મણો બોલ્યા કે હે ગૌતમ ! તું અમારા

---

*सर्वविप्रेन्द्रैरिति पा. सा. ॥

કરતા કયા ગુણથી અધિક છે તે કહે જો બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ ગણાવાને ચાહતો હો તો. બધા બ્રાહ્મણો તપસ્વી, તીર્થમાં રહેનારા, લોકમાં પૂજ્ય અને પૃથ્વીના દેવ છે તો હે સુરેશ્વર ! તેની જુદી જુદી પૂજા કરવી જોઈએ.

*एकस्मिन्गौतमेपूज्ये पंक्तिभेदो भविष्यति ॥
तस्मादेकैकशः पूज्या ब्राह्मणाः पुरुषोत्तम ॥ १२६ ॥
इति तेषां वचः श्रुत्वाऽहंकारवशवर्तिनाम् ॥
राजन्नांगिरसाः सर्वे शेपुस्तान्सिधुजान् द्विजान् १२७

॥ आंगिरसा ऊचुः ॥

यथावच्चरितं भैक्ष्यं शतशो मुनिपुत्रकैः ॥
तमृषिं द्विषतो युष्मान् न वेदः संश्रयिष्यति ।१२८।
इत्थमांगिरसैर्विप्रैः शप्तास्ते ब्राह्मणा नृप ॥
सिंधुदेशं तदा जग्मुः सैंधवारण्यवासिनः ॥ १२९ ॥
गतेषु तेषु विप्रेषु सैंधवेषु नरेश्वर ॥
गौतमाय †चकारार्घ मच्युतः सर्वसंमतः ॥ १३० ॥

અર્થ—એક ગૌતમની પૂજા કરવાથી પંક્તિભેદ થશે માટે હે પુરૂષોત્તમ ! બ્રાહ્મણોને એકીહારે પૂજવા. એવી રીતે તે અહંકારીઓનું બોલવું સાંભળી તે સિંધુના રહીશ બ્રાહ્મણોને આંગિરસોએ શાપ આપ્યો કે, સેંકડો મુનિપુત્રોએ ભિક્ષાચરણ બરોબર કર્યું. તે ઋષિનો તમે દ્વેષ કરો છો તો તમને વેદ નહીં આવડે. આવી રીતનો શાપ થવાથી તે સૈંધવારણ્યના રહેવાસી સિંધુદેશમાં ગયા. હે નરેશ્વર ! તે બ્રાહ્મણો ગયા પછી સર્વ સંમત એવા ભગવાને ગૌતમની પૂજા કરી.

*केवलंपूजितेनस्मिन्निति पा.सा. †ददावर्घमिति पाठःसमीचीनः

अष्टोत्तरं सहस्रं च पद्मानां हेममालिनाम् ॥
दत्तां जलाधिपेनैव मालां वक्षसि बिभ्रति ॥१३१॥
एकस्मिन्पुंडरीके वै दलान्यष्टौ तदंतरे ॥
प्रतिबिंबानि जातानिसदाराणां द्विजन्मनाम् १३२
वयं किं कुर्महे देवि देहि नामानि नः शुभे ॥
वर्तितव्यं कयास्माभिः कलया कुत्र च स्थितिः १३३

॥ देव्युवाच ॥

कलया वर्त्तितव्यं हि भवद्भिः स्वर्णपद्मजैः ॥
श्रीमाले च ततो यूयं कलादा वै भविष्यथ॥१३४॥
भूषणानि द्विजेंद्राणां पत्नीभ्यः प्रददत्विह ॥
मनोहराणि दिव्यानि संसेव्याश्चद्विजोत्तमाः १३५

અર્થ—બ્રાહ્મણોને વરુણદેવતાએ એક હજાર ને આઠ સોનાના કમળની માળા પેહેરાવી. અક્કેકા કમળમાં આઠ આઠ પાંખડીઓ છે તેના મધ્યમાં સ્ત્રીસહિત બ્રાહ્મણોનાં પ્રતિબિંબ પડ્યાં. બ્રાહ્મણોએ કહ્યું કે, હે દેવિ ! અમે શું કરીએ અમારાં નામ પાડો અમારે કઈ કળા ઉપર નભવું અને ક્યાં રહેવું. ત્યારે દેવી બોલ્યાં, સોનાના કમળથી તમે ઉત્પન્ન થયા માટે તમારે હુન્નર કરી આજીવિકા ચલાવવી, શ્રીમાળ દેશમાં તમે કલાદ (સોની) થશો અને બ્રાહ્મણોને સેવો તથા તેની સ્ત્રીઓને સુંદર દિવ્ય દાગીના આપો.

॥ वसिष्ठ उवाच ॥

तेषामष्टौ सहस्राणि चतुः षष्ठ्यधिकानि च ॥
आसन् भुवि कलादानां श्रीमाले श्रीप्रियंकरे १३६

यस्य प्रतिकृते योभूत् गोत्रं स अन्वपद्यत ॥
पुनश्चिंतापरा देवी बभूव नृपसत्तम ॥ १३७ ॥
श्रीमालिनां द्विजानां किं धनधान्यादि भूरिशः ॥
पंचोत्तरं च पंचाशत् सहस्राणि द्विजन्मनाम् १३८
अष्टादश शतान्यास गोत्राणां तत्र भूपते ॥
पालयिषाति विप्रेषु तपःसु* निरतेष्वति ॥ १३९ ॥
ततो मनोगतं ज्ञात्वा देव्या देवो जनार्दनः ॥
ऊरू विलोकयामास सर्गकृत्ये कृतादरः ॥ १४० ॥

અર્થ—લક્ષ્મીને પ્રીતિ ઉપજાવનારા શ્રીમાળદેશમાં આઠ હજાર કણાદ થયા. જેને માટે જે આવ્યો તેને તેનું ગોત્ર મળ્યું. હે રાજન્ ! પછી પણ દેવીને ચિંતા થઈ કે, શ્રીમાલી બ્રાહ્મણોને શું ઘણું ધન ધાન્ય છે ? હે રાજા ! ત્યાં બ્રાહ્મણોનાં એકાવન હજાર ને નવસો ગોત્ર થયાં. તપમાં પ્રીતિ પામેલા તે બ્રાહ્મણોને પાળવાની ઇચ્છા દેવીને થઈ ત્યારે દેવદેવ એવા નારાયણે તેના મનનો અભિપ્રાય જાણી સૃષ્ટિના કાર્યમાં આદર કરી પોતાના સાથળ સામું જોયું.

यज्ञोपवीतिनस्ताभ्यां वणिजोथ विनिर्ययुः ॥
दंडं मौंजीं वरां राजन् बिभ्राणाः शुभ्रवाससः १४१
ते प्रणम्य चतुर्बाहु मिदमूचुरतन्द्रिताः ॥
अस्मानादिश गोविंद कर्मकांडे यथोचिते ॥१४२॥

॥ वसिष्ठ उवाच ॥

तच्छ्रुत्वा प्रणतान् विष्णुर्वणिजः प्राह तानिदम् ॥
विप्राणामाज्ञया नित्यं वर्त्तितव्यमशेषतः ॥१४३॥

---

*निरतेषुक इति पा. सा.

दशोनं लक्षमेकं हि श्रिमाले वणिजामभूत् ॥
तस्य प्रतिग्रहे योभूत् तद्गोत्रं सोन्वपद्यत ॥१४४॥
तत्राश्चर्यमभूत्पूर्वं शृणु राजन् समाहितः ॥
चंडीशालयमासाद्य तीर्थं पापप्रणाशनम् ॥१४५॥

અર્થ—તે સાથળમાંથી દંડ, મૌંજી, શુભ્ર વસ્ત્ર અને યજ્ઞોપવીત ધારણ કરનારા સર્વે વાણીઆઓ ઉત્પન્ન થયા. તે સઘળા સાવધાન થઈ પ્રણામ કરી કહેવા લાગ્યા કે, હે ગોવિંદ! યથાયોગ્ય કર્મકાંડ કરવાની અમને આજ્ઞા કરો. વસિષ્ઠ—તે સાંભળી તે વાણીઆઓને વિષ્ણુ કહે છે કે, તમારે સઘળાએ બ્રાહ્મણોની આજ્ઞામાં રહેવું. એવી રીતે શ્રીમાળ દેશમાં નેવું હજાર વાણીઆ થયા. તેના પ્રતિગ્રહમાં જે હતો તેનું ગોત્ર તેને પ્રાપ્ત થયું. હે રાજન્! ત્યાં એક આશ્ચર્ય થયું તે શ્રવણ કરો. પાપને નાશ કરે એવું મહાદેવના મંદિર રૂપ તીર્થ પામી

कदाचिदत्र दुष्टाभूत सारिका नाम राक्षसी ॥
निशाचर्या तया राजन् श्रीमालं समनुद्रुतम् ॥१४६॥
पूर्वमांगिरसैर्विप्रैः सैंधवारण्यवासिनः ॥
शप्ता ये ब्राह्मणाः क्रुद्धै गौतमं प्रत्यसूय च ॥१४७॥
तैर्गत्वाऽराधितः सिंधुरुपवासपरायणैः ॥
परितुष्टो ययाथोब्धिस्तानुवाचेति याचितः ॥१४८॥
श्रीमालक्षेत्रनाशाय प्रार्थिता तैर्निशाचरी ॥
सा द्विजानां सुता जाता वेदिगर्भास्त्रगृह्यवै ॥१४९॥
दुष्टा प्रयाति पातालं ब्राह्मणा दुःखितास्ततः ॥
तया सहस्रशः कन्या गृहीता मनुजेश्वर ॥ १५० ॥

અર્થ—કોઈ દિવસ અહીં સારિકા નામની દુષ્ટ રાક્ષસી હતી

તે રાક્ષસીએ શ્રીમાળ દેશને હેરાન કરી નાખ્યો હતો. પ્રથમ સૈંધવારણ્યના રહેવાસી બ્રાહ્મણો કે જેને ગૌતમની ઈર્ષ્યા કરવાથી આંગિરસ બ્રાહ્મણો તરફથી શાપ મળ્યો હતો, તે બ્રાહ્મણોએ ઉપવાસ કરી સિંધુની આરાધના કરી તેથી સમુદ્ર તેની ઉપર પ્રસન્ન થયો ત્યારે શ્રીમાળ ક્ષેત્રનો નાશ કરવા સારૂ તેઓએ રાક્ષસીની પ્રાર્થના કરી તે રાક્ષસી વેદીના ગર્ભમાંથી બ્રાહ્મણોની પુત્રીઓને પકડી પાતાળમાં જાય છે તેને જોઈ બ્રાહ્મણો દુઃખી થયા એવી રીતે હે રાજા! તેણે હજારો કન્યા પકડી છે.

कंकोलः पालयामास पाताले स्वसुता इव ॥
तत्यजुर्बहुरत्नानि सौधानि विविधानिच ॥१५१॥
दुःखार्त्ता सारिका भीता प्रयाता गिरिमर्बुदम् ॥
श्रीमालमभवच्छून्य-मरण्यं जनवर्जितम् ॥१५२॥
सारिकाशंकयाकश्चित् तीर्थयात्रां नगच्छति ॥
शीर्णा निपेतुःप्रासादाःसौधानि प्रययुःक्षितिम् १५३
मृगसिंहाकुलंजातं वराहमहिषावृतम् ॥
क्षेत्रं श्रीमालमुर्वींद्र ध्वस्ततीर्थाश्रमद्रुमम् ॥१५४॥
शून्यस्य तस्य कालोभूच्चतुःषष्ठ्यधिकं शतम् ॥
लभते न सुखं विप्रा न निद्रां च वितन्वते॥१५५॥

અર્થ—તે કન્યાઓને પોતાની પુત્રીની પેઠે કંકોલે રક્ષા કરી ઘણાં રત્નો અને વિવિધ પ્રકારના મેહેલ છોડી દીધા. સારિકા દુઃખથી પીડાઈ ડરી અર્બુદ પર્વતમાં ચાલી નિકળી. શ્રીમાળપુર મનુષ્યથી રહિત શૂન્ય અરણ્ય જેવું થઈ ગયું, પણ સારિકાના શકથી કોઈ તીર્થયાત્રા કરવા ત્યાં જતું નથી. મેહેલો અને હવેલીઓ વીખરાઈ જમીનદોસ્ત થઈ ગયાં, મૃગ અને સિંહથી આકુળ, વરાહ અને પાડાથી ભરપૂર અને તીર્થ આશ્રમ અને

આડ વગરનું શ્રીમાળપુર થઈ ગયું. એવી રીતે એક સો ને ચો-
સઠ વર્ષ સુધી તે ઉજડ પડી રહ્યું. બ્રાહ્મણોને ત્યાં સુખ આવતું
નથી તેમ નિદ્રા પણ આવતી નથી.

श्रीमालध्यायिनो नित्यं निश्वसंति दिवानिशम् ॥
अथ प्रतापवान राजा श्रीपुंजो नामविश्रुतः॥ १५६॥
कदाचिदथ तत्रागादेकाकी मृगमन्वटन् ॥
स प्रविश्य पुरं शून्यं भग्नदेवद्विजालयम् ॥ १५७ ॥
देवतायतनाऽऽलोकाद्दधश्चित्रं पदे पदे ॥
मुनीनामाश्रमा रम्याः शाखाहस्ताग्रकोटयः ॥१५८॥
स्वयं शीर्णफला वृक्षाः श्रीपुंजेन महौजसा ॥
चिंतयामास मेधावी स्फीतमेतत्पुरोत्तमम् ॥ १५९ ॥
श्रीमालमिति विख्यातं पुराणे निर्मितं श्रिया ॥

અર્થ—અને શ્રીમાળનું ધ્યાન કરતા રાત દહાડો નિસાસા
નાખે છે. એક દહાડો પ્રતાપવાન્ શ્રીપુંજ નામનો રાજા કોઈ
દિવસ એકલો મૃગની પાછળ દોડતો એ શૂન્ય શેહેરમાં આવ્યો.
ત્યાં બ્રાહ્મણોનાં ઘરો તુટી ગયાં છે અને દેવતાના મંદિર ખંડિત
થઈ ગયાં છે એવું જોઈ પગલે પગલે તેને આશ્ચર્ય થવા લાગ્યું.
મુનિઓના સુંદર આશ્રમ છે અને હાથ ઊંચો કરીએ કે, જેને
પહોંચી શકાય છે એવાં વૃક્ષો છે તેમાંથી મહાપ્રતાપી રાજા આવ્યો
તેને જોઈ ફળ ખરી પડે છે. બુદ્ધિમાન્ રાજાએ વિચાર કર્યો કે
આ શેહેર ઘણું આબાદ છે શ્રીમાલ એવું આનું પુરાણમાં નામ છે,
અને આ લક્ષ્મીએ વસાવેલું છે.

कथं शून्यमिदं जातं नगरं देवनिर्मितम् ॥
कुतस्ते ब्राह्मणाः श्रेष्ठाः वर्त्तंते दुःखशालिनः॥१६०॥

इत्थं चिंतयमानेन श्रीपुंजेन महौजसा ॥
अर्बुदे प्रेषिता दूता ब्राह्मणानां समीपतः ॥१६१॥
तैर्गत्वा वचनं राज्ञःप्रश्रयावनतैर्नृप ॥
निवेदितं द्विजेंद्रेभ्यो ह्रदयानंदवर्धनम् ॥ १६२ ॥
नमोस्तु वो द्विजन्मानः सर्वेभ्यो वेदवित्तमाः ॥

॥ दूता ऊचुः ॥

आकारयंति वो विप्रा श्रीपुंजो नाम विश्रुत १६३
सैनापत्यमधिष्ठाय पालयिष्यामि वः सदा ॥
विमुंचत निशाचर्याः सारिकायामहद्भयम् ॥१६४॥

॥ वसिष्ठ उवाच ॥

इत्याकर्ण्य ततो वाक्यं दूतानाममृतोपमम् ॥
ब्राह्मणा गिरिमामन्त्र्य श्रीमाले गंतुमुद्यताः ।१६५।
ततः प्राप्ता द्विजाः सर्वे हर्षपर्याकुलेक्षणाः ॥
निविशुर्निजवेश्मानि सभृत्याः पुनरेवहि ॥ १६६ ॥
श्रीपुंजः स च राजेंद्र उषित्वा तत्र वै चिरम् ॥

અર્થ—દેવતાએ રચેલું આ શેહેર ઉજડ કેમ થઇ ગયું હશે, અને તે દુઃખીઆરા બ્રાહ્મણો કેવી રીતે વર્ત્તતા હશે. એવો વિચાર કરી મહા તેજસ્વી શ્રીપુંજે અર્બુદ (આબુ) માં બ્રાહ્મણોનીપાસે દૂત મોકલ્યા. તે દૂતોએ વિનયથી નમી હૃદયને આનંદ વધારનારૂં રાજાનું વચન બ્રાહ્મણોને કહ્યું કે હે વેદને જાણનારા સર્વે બ્રાહ્મણો તમોને નમસ્કાર હો. હે બ્રાહ્મણો ! વિખ્યાત શ્રીપુંજરાજા તમને બોલાવે છે, અને કહે છે સેનાપતિપણું કરી તમારૂં પાળન સર્વદા કરીશ. સારિકા રાક્ષસીનો મોટો ભય હવે રાખો નહીં. વસિષ્ઠ

કહે છે કે, એવું અમૃત સરખું દૂતનું વચન સાંભળી બ્રાહ્મણો પર્વત પાસેથી રજા લઈ શ્રીમાળમાં જવા તઈયાર થયા. હર્ષિત થઈ નોકરો સહિત પોતપોતાને ઘેર ગયા. હે રાજેન્દ્ર! ત્યાં શ્રીપુંજરાજા કેટલાએક દિવસો રહી—

चंडीशस्य प्रसादेन शिवलोकं जगामह ॥ १६७॥
तेन शुश्रूषिता विप्राः सारिका च वशीकृता ॥
श्रीमालमुद्धृतं क्षेत्रं प्रसादेन पिनाकिनः ॥ १६८॥
एतत्ते कथितं राजन् श्रीपुंजाख्यानमुत्तमम् ॥
श्रुत्वा यन्मानवो भक्त्या सर्वपापैः प्रमुच्यते १६९

॥ मांधातोवाच ॥

श्रीपुंजेन कथं राज्ञा सारिका सा निशाचरी ॥
वशीकृता द्विजेंद्राणां तन्मे ब्रूहि तपोधन॥१७०॥

॥ वसिष्ठ उवाच ॥

श्रीपुंजे शासति क्षेत्रं राजन्ब्राह्मणवत्सले ॥
उत्सवाः शतशो राजन् संप्रवृत्ता गृहे गृहे ॥ १७१ ॥
ततः सा राक्षसी दुष्टा सैंधवारण्यवासिनाम् ॥

અર્થ—મહાદેવની કૃપાથી કૈલાસવાસી થયો. તેણે બ્રાહ્મણોની સેવા કરી, સારિકાને વશ કરી અને શિવના પ્રતાપથી શ્રીમાળ ક્ષેત્રનો ઉદ્ધાર કર્યો. હે રાજા! આ પ્રમાણે તમને ઉત્તમ શ્રીપુંજ રાજાનું આખ્યાન કહ્યું જે આખ્યાન માણસ ભક્તિથી સાંભળે તે સર્વ પાપથી મુકાઈ જાય. માંધાતા કહે છે કે, શ્રીપુંજરાજાએ સારિકા રાક્ષસી કેમ વશ કરી અને બ્રાહ્મણોને શી રીતે સુખ દીધું તે હે તપોધન મને કહો. ત્યારે વસિષ્ઠ બોલ્યા કે, હે રાજા! બ્રા-

ણોને માનનારો શ્રીપુંજ રાજ્ય કરતો હતો ત્યારે ઘેર ઘેર સેંકડો ઉત્સવ ચાલી રહ્યા હતા તે પછી દુષ્ટ રાક્ષસી સૈંધવ અરણ્યમાં રહેનારા—

द्विजानामनुरोधेन श्रीमालं भंक्तुमागता ॥ १७२ ॥
दक्षिणस्यां दिशि ततो वेदिमध्याद्विजन्मनः ॥
प्रगृह्य कस्यचित्कन्यां राक्षसी गंतुमुद्यता ॥१७३॥
सा बाला रुदती गाढं स्मरंती कुलदेवताम् ॥
त्राहि त्राहीति सुरभि-मातरित्यालपन्मुहुः ॥१७४॥
इष्टा वंशस्य वै तस्याः सुरभिर्नाम देवता ॥
श्रीमालं या सुरैः कीर्णं मत्वा सीमांतमाश्रिता १७५
रात्रौ पुरस्ताद्गच्छन्तीं सारिकां बालहारिणीं ॥
*कन्यापिकस्वरैर्मत्वा सुरभिस्तामकीलयत् १७६
न स्थातुं न च गंतुं च राजन्शक्नोति सारिका ॥

અર્થ—બ્રાહ્મણોના અનુરોધથી શ્રીમાળ શેહેર ભાંગવા આવી. તે પછી દક્ષિણ દિશામાં કોઈ બ્રાહ્મણી કન્યા વેદીના મધ્યથી પકડી જવા તઈયાર થઈ તે બાળકી રડવા લાગી અને હે મા સુરભિ ! રક્ષા કરો રક્ષા કરો. એવી રીતે કુળદેવતાને વારંવાર સંભાળવા લાગી. સુરભિ નામની તેના વંશની ઈષ્ટદેવી હતી. શ્રીમાળમાં બધા દેવો રહે છે એવું ધારી પોતે તેના સીમાડામાં રહેતી હતી. રાત્રિના વખતમાં પોતાની પાસેથી બાળકનું હરણ કરી જતી રાક્ષસીને જોઈ સુંદર કોયલ જેવો શબ્દ હોવાથી આ કન્યાનો સ્વર છે એમ માની સુરભિએ તેને બાંધી લીધી તેથી તે સારિકા ઉભી રહી શકતી નથી તેમ ત્યાંથી જઈ શકતી પણ નથી.

---

* कन्यायाः स्वरमाकर्ण्येति पा. सा. ॥

इतस्ततो वीक्षमाणा पश्यति स्म न किंचन १७७
ततः श्रीमालतः प्राप्तः श्रीपुंजः सह सैनिकैः ॥
परित्राणाय कन्यायाः श्रीमानाकृष्टकार्मुकः १७८
दृष्ट्वा तां राक्षसीं क्रूरां गृहीतद्विजबालिकाम् ॥
परुषाक्षरमाहेद-मुच्चैःकोपान्महीपतिः ॥ १७९ ॥

॥ श्रीपुंज उवाच ॥

दुष्टे चिरेण लब्धासि द्विजकन्यापहारिणि ॥
मया मुक्तः शरोयंते शिरश्च्छेत्स्यति सारिके १८०

॥ वसिष्ठ उवाच ॥

इत्युक्त्वा शरसंधाने दृष्ट्वा राजानमातुरम् ॥
विहाय ब्राह्मणसुतां भीतोवाचाथ सारिका॥१८१॥

॥ सारिकोवाच ॥

न मोक्तव्यो महेषुस्ते मापि राजन् कथंचन ॥

અર્થ—આમ તેમ જોવા લાગી પણ કાંઈ દીઠામાં ન આવ્યું તેટલામાં લશ્કર સહિત શ્રીપુંજ શ્રીમાળથી આવી પહોંચ્યો. કન્યાનું રક્ષણ કરવા સારૂ બ્રાહ્મણની પુત્રી પકડનારી તે રાક્ષસીને જોઈ ધનુષ ચડાવી કોપ કરી કઠોર અક્ષરથી રાજા ઊંચે અવાજે બોલ્યો કે હે દુષ્ટે! તું ઘણે દહાડે હાથમાં આવી છે. હે બ્રાહ્મણની કન્યાનું હરણ કરનારી સારિકા! આ બાણ મુકું છું તે તારૂં માથું કાપી નાખશે. વસિષ્ઠ—એમ કહી બાણ મુકવા રાજા તઈયાર થયો તેને જોઈ બ્રાહ્મણની કન્યાને છોડી દઈ ભય પામેલી સારિકા કહે છે કે હે રાજા! તમારે મારી ઉપર બાણ નાખવું નહીં.

सैंधवैर्धिग्धमाराध्य प्रार्थिताहं द्विजाधमैः ॥१८२॥
कर्त्तुं श्रीमालविध्वंसं तेन सर्वं कृतं मया ॥
कुरु प्रतिपणं राजन् नित्यार्थे मम किंचन॥१८३॥
यथा भवामि विप्राणा-महं नित्यं सहायिनी ॥

॥ राजोवाच ॥

कीदृक्प्रतिपणः कार्य स्त्वदर्थे वद खेचरि॥१८४॥
येनत्वं द्विजवर्याणां साहाय्यं कुरुषे सदा ॥

॥ सारिकोवाच ॥

शापो दत्तो द्विजेंद्राणां सैंधवारण्यवासिनाम् १८५
क्रुद्धैरांगिरसैर्विप्रैस्तेषां निरपराधिनाम् ॥
तेनापराधयोगेन पुरं शून्यं कृतं मया ॥ १८६ ॥
तानामंत्रय राजेंद्र सैंधवारण्यवासिनः ॥
मनोवाक्काययोगेन पूजयस्व द्विजर्षभान् ॥ १८७॥

અર્થ—સિંધના અધમ બ્રાહ્મણોએ શ્રીમાળનો નાશ કરવા મારી પ્રાર્થના કરી તેથી આ બધું મેં કર્યું છે. હે રાજન્! હમેશાને માટે કાંઇક પ્રતિપણ મારો કરો. કે જેથી કરી નિત્ય હું બ્રાહ્મણોને સહાય કરનારી થાઉં. ત્યારે રાજા બોલ્યો કે હે ખેચરિ! તારે માટે પ્રતિપણ કેવો કરવો કે જેથી તું બ્રાહ્મણોને સહાય કરનારી થા. સારિકા—આંગિરસ બ્રાહ્મણોએ ક્રોધમાં આવી નિરપરાધી સૈંધવારણ્યમાં રહેનારા બ્રાહ્મણોને શાપ દીધો તે અપરાધના યોગથી આ શેહેર મેં ઉજડ કર્યું. તો હે રાજા! તે સૈંધવારણ્યના રહેવાસીને અહીં બોલાવો.

तेन तुष्टा भविष्यंति ब्राह्मणा भगवत्प्रियाः ॥
तेषु तुष्टेषु विप्रेषु कष्टशांतिर्भविष्यति ॥ १८८ ॥
अहं तुष्टा भविष्यामि राजेंद्र तव सर्वदा ॥
विवाहे तु करिष्यामि रक्षोभ्यस्त्राणमन्वहम् १८९
वरपित्रा द्विजश्रेष्टान्भोक्तुमामंत्रयेन्नृप ॥
उद्वाहे वासरस्यांते द्विगुणा कन्यका पितुः १९०
न मे मृत्युः शरैराजन् कदाचिदिह विद्यते ॥
परं द्विजहितायैव समयः क्रियते मया ॥ १९१ ॥

॥ वसिष्ठ उवाच ॥

इति तद्वचनं श्रुत्वा श्रीपुंजेन महौजसा ॥
प्रेषिताः सैंधवारण्ये दूता द्विजवरान् प्रति ॥ १९२ ॥

અર્થ—મન વાણી અને કાયાથી ઉત્તમ બ્રાહ્મણોને પૂજે તેથી કરી ભગવત્પ્રિય બ્રાહ્મણો પ્રસન્ન થશે. બ્રાહ્મણો પ્રસન્ન થયેથી કષ્ટની શાંતિ થશે. હે રાજેન્દ્ર ! હું પણ તમારી ઉપર સર્વદા પ્રસન્ન થઈશ. અને વિવાહમાં રાક્ષસોથી દરરોજ રક્ષણ કરીશ. બ્રાહ્મણોને વરના પિતાએ જમવા તેડવા વિવાહ થઈ રહ્યા પછી કન્યાને બાપે બમણા બ્રાહ્મણો જમાડવા. હે રાજન્ ! કદાચિત્ બાણથી મારૂં મૃત્યુ નથી. પરંતુ બ્રાહ્મણોના હિત વાસ્તે આવો ઠરાવ કરૂં છું. વસિષ્ઠ—એવું તેનું વચન સાંભળી મહા પરાક્રમી શ્રીપુંજ રાજાએ સૈંધવારણ્યમાં બ્રાહ્મણોને બોલાવવા દૂત મોકલ્યા.

तैर्गत्वा वचनं राज्ञः प्रश्रयावनतैर्नृप ॥
निवेदितं द्विजेंद्रेभ्यो हृदयानंदवर्धनम् ॥ १९३ ॥

॥ दूता ऊचुः ॥

नमोस्तुवो द्विजन्मानः सर्वेभ्यो वेदवित्तमाः ॥
आकारयति वो राजा श्रीपुंजो नाम विश्रुतः १३४

॥ वसिष्ठ उवाच ॥

इत्याकर्ण्य ततो वाक्यं दूतानाममृतोपमम् ॥
ब्राह्मणा गर्गमामंत्र्य श्रीमालं गंतुमुद्यता ॥ १३५ ॥
ततः प्राप्ता द्विजाः सर्वे हर्षपर्याकुलेक्षणाः ॥
तानागतान् द्विजान् सर्वान् सैंधवारण्यवासिनः १३७
अर्घपाद्यादिविविधै रुपचारैर्जयोक्तिभिः ॥

અર્થ—હે રાજા ! વિનયથી નમી તે દૂતોએ બ્રાહ્મણોને હૃદયને આનંદ પમાડનારૂં વચન કહ્યું. દૂતો કહે છે કે વેદને જાણનારા હે બ્રાહ્મણો ! તમો સર્વેને અમે નમસ્કાર કરીએ છીએ. શ્રીપુંજ નામે વિખ્યાત રાજા તમને બોલાવે છે. વસિષ્ઠ—એવી રીતે અમૃત સરખું દૂતોનું વચન સાંભળી ગર્ગ પાસેથી રજા લઈ બ્રાહ્મણો શ્રીમાલમાં આવી પહોંચ્યા. હર્ષ પામેલા તે બ્રાહ્મણોને જોઈ અર્ઘપાદ્ય વિવિધ ઉપચાર અને જયોક્તિથી—

पूजयामास भूपालो वासोलंकरणैस्तथा ॥१३८॥
अथ राजा मुदा युक्तो पाहिपाहीति वै तदा ॥
तामुवाच न सा गंतुं पुनः शक्ता तु खेचरी॥१३९॥
नाकाशे न जगत्यां च गतिस्तस्याःप्रवर्त्तते ॥
ततः स्मितमुखो राजा किमेतदिति पृष्टवान् २००

साहोवाच नजानामि कस्येदं कर्मणः फलम् ॥
अव्याहतगतेर्येन ममस्तंभःकृतोमहान् ॥ २०१ ॥
अथ देवी समभ्येत्य प्रत्यक्षासुरभिर्नृप ॥
श्रीपुंजमब्रवीत्तुष्टा राजानं द्विजवत्सलम् ॥२०२॥

सुरभिरुवाच ॥

एतस्याः कुलकन्यायाः कुलेहं देवतानृप ॥

અર્થ—અને વસ્ત્ર અલંકારાદિકથી રાજાએ પૂજા કરી. હવે આનંદે કરી યુક્ત રાજાએ રક્ષણ કરો, રક્ષણ કરો, એવાં વચન કહ્યાં. તે રાક્ષસી આકાશમાં કે જમીન માર્ગે ચાલી શકતી નથી. તેથી હસીને રાજાએ પુછ્યું કે આ તે શું? ત્યારે તે રાક્ષસીએ જવાબ આપ્યો કે હું નથી જાણતી કે આ કયા કર્મનું ફળ છે કે જેણે સ્વચ્છંદ ફરનારી હું છું તેને સ્તંભ કર્યો? એટલામાં દેવી સુરભિ પ્રત્યક્ષ થઈ અને પ્રસન્ન થઈ શ્રીપુંજરાજાને કહેવા લાગી કે, હે રાજા! આ કુલીન કન્યાના કુળની હું દેવી છું.

अस्या आर्त्तस्वरंश्रुत्वा सारिकांस्तंभ मानपम् २०३

॥ वशिष्ठउवाच ॥

तच्छ्रुत्वासुरभेर्वाक्यं तुष्टावजगतीपतिः ।
इन्द्रादिदैवतगणैः संस्तुतापरमेश्वरी ॥

॥ राजोवाच ॥

नमोदेवि महादेवि जगत्त्राण परायणे ॥
आपद्भ्यस्त्वं परित्रासि मातर्लोकानिमान्सदा २०४

॥ देव्युवाच ॥

तुष्टातवमहीपाल वरं वृणु यथारुचि ॥
नमोघदर्शनादेवाः स्थितिरेषा सनातनी ॥ २०५ ॥

॥ राजोवाच ॥

यदि तुष्टासि देवेशि तदिमां मुंच सारिकाम् ॥
एवमेव द्विजेंद्राणां त्राणं कार्यंच सर्वदा ॥ २०६ ॥

॥ देव्युवाच ॥

एवमस्तु महाराज यत्तेभिलषितं हृदि ॥

॥ वशिष्ठ उवाच ॥

एतस्मिन्नंतरे राजन् सैंधवारण्यवासिनः ॥ २०७ ॥
आगता ब्राह्मणाः सर्वे धर्मतत्व विचक्षणाः ॥

અર્થ—એ કન્યાનો આર્તસ્વર સાંભળી સારિકાનો સ્તંભ કર્યો. રાજા કહે છે કે જગતનું રક્ષણ કરનારી હે મહાદેવિ! તને નમસ્કાર કરૂં છું. હે માતા! તું સદા આ લોકને વિપતિથી બચાવે છે. દેવી બોલી કે હે રાજા! તારી ઉપર હું પ્રસન્ન થઈ છું તારી રૂચિ પ્રમાણે વરદાન માગી લે. દેવતાઓનાં દર્શન વ્યર્થ જતાં નથી. આ સનાતન રીતિ છે. રાજા કહે છે કે હે દેવેશિ! જો તું પ્રસન્ન થઈ હો તો આ સારિકાને છોડ અને આવી રીતેજ બ્રાહ્મણોની રક્ષા કરવી. દેવી કહે છે કે હે મહારાજ! જો તમારી એમ ઇચ્છા છે તો એમ થશે. વશિષ્ઠ—હે રાજન્! એવા વખતમાં ધર્મતત્ત્વમાં વિચક્ષણ સર્વે સૈંધવારણ્યના બ્રાહ્મણો આવ્યા.

मुनयस्तुष्टुवुर्लक्ष्मीं सुरभिंलोकमातरम् ॥ २०८ ॥

॥ सैंधवारण्यवासिमुनय ऊचुः ॥

नमो देवि महालक्ष्मि सुरभि श्रीहरिप्रिये ॥
इंदिरे जगतां मातर्धर्म रक्षापरायणे ॥ २०९ ॥

॥ देव्युवाच ॥

तपस्विनो द्विज श्रेष्ठा वृणुध्वं वरमुत्तमम् ॥
राज्ञा च पूजिताः सर्वे अपराधक्षमाकृता ॥२१०॥
युष्माकं क्षमया स्तुत्या तुष्टाहं परमेश्वरी ॥

॥ वशिष्ठ उवाच ॥

इति तद्वचनं श्रुत्वा लक्ष्म्याश्च द्विजपुंगवाः ॥२११॥
सैंधवारण्यमुनय ऊचुः सर्वे मुदायुताः ॥
पूर्वमांगिरसैर्विप्रैः शापो दत्तश्च कोपतः ॥ २१२ ॥
विनापराधमस्माकं तच्छापान्मोक्षणं कुरु ॥

॥ श्रीरुवाच ॥

वेदवेदांग तत्त्वज्ञा भविष्यथ द्विजर्षभाः ॥२१३॥

અર્થ—મુનિઓ લોકમાતા સુરભિની સ્તુતિ કરવા લાગ્યા કે હે દેવિ! હે મહાલક્ષ્મિ! હે સુરભિ, હે હરિપ્રિયે, હે જગતની મા, હે ધર્મરક્ષા કરનારી ઈંદિરા, તને નમસ્કાર કરીએ છીએ. ત્યારે દેવી બોલ્યાં કે, હે તપસ્વી બ્રાહ્મણો! ઉત્તમ વરદાન માગી લો; અપરાધની માફી કરનારા રાજાએ તમારો સત્કાર કરેલો છે. તમારી ક્ષમા અને સ્તુતિથી હું પ્રસન્ન થઈ છું. વસિષ્ઠ—એવાં તે લક્ષ્મીનાં વચન સાંભળી આનંદયુક્ત એવા સૈંધવારણ્યના બ્રાહ્મણો

બોલ્યા કે હે દેવિ ! પૂર્વે ક્રોધ કરી આંગિરસ બ્રાહ્મણોએ અમને શાપ આપ્યો છે તે શાપથી છોડાવો. ત્યારે લક્ષ્મીએ કહ્યું કે હે ઉત્તમ બ્રાહ્મણો ! તમે વેદ અને વેદાંગના તત્વને જાણનાર થશો.

उदारा राजपूज्याश्च शुद्धाः संतोषिणः सदा ॥
ब्राह्मणानां पुष्टिकरा धर्मपुष्टिकरास्तथा ॥२१४॥
ज्ञानपुष्टिकरास्तमात्पुष्कर्णाख्या भविष्यथ ॥
विवाहे कार्य समये सान्निध्यं मम सर्वदा ॥
श्रीमालेऽवस्थिता ये हि श्रीमालाख्या भविष्यथ२१५
य इमांच कथां लोके मद्भक्तः कीर्त्तयिष्यति ॥
पुष्कर्णाख्यानमतुलं महापापप्रणाशनम् ॥२१६॥
श्रीपुंजस्य सुरभ्याश्च सारिकायाश्च संगमम् ॥
न तस्य प्रभविष्यंति राजन् भूतग्रहाः क्वचित्२१७
इत्युक्त्वांतर्हितादेवी सुरभिर्वंदिता द्विजैः ॥
सारिकाच ययौराजन् सागरं पयसां निधिम्२१८

અર્થ—તમે સદા ઉદાર, રાજપૂજ્ય, શુદ્ધ, સંતોષી, બ્રાહ્મણોની પુષ્ટિ કરનારા, ધર્મની પુષ્ટિ કરનારા તથા જ્ઞાનની પુષ્ટિ કરનારા થશો તેથી પુષ્કરણા એવું તમારૂં નામ પડશે. વિવાહમાં અને હરકોઈ બીજા કામમા મારૂં સાન્નિધ્ય તમને થશે. અને જે શ્રીમાળમાં રહ્યા છે તે શ્રીમાળી કહેવાશે જે મારો ભક્ત આ મહાપાપને નાશ કરનારૂં પુષ્કરણા બ્રાહ્મણોનું આખ્યાન તથા શ્રીપુંજ, સુરભિ અને સારિકાનો સમાગમ જે લોકમાં કહેશે તેને હે રાજા ! ભૂત કે ગ્રહ કોઈ દિવસ નહીં નડે. એવી રીતે કહીને બ્રાહ્મણોએ નમસ્કાર કરેલી દેવી અદૃશ્ય થઈ ગઈ અને સારિકા સાગરમાં ગઈ.

सैंधवाब्राह्मणाः सर्वे यथाभिलषितां दिशम् ॥
ययुर्ध्यायंत आत्मानं परंब्रह्म सनातनम् ॥२१९॥
मुमुक्षवोमहात्मानो यमैश्चनियमैर्युताः ॥
अभ्यर्च्यतां महादेवीं सुरभिंब्राह्मणैः सह॥२२०॥
श्रीमालमाययौ राजा गृहीत्वा द्विजकन्यकाम् ॥
सर्वः प्रमुदितो लोकः श्रीमाले भूद्गतज्वरः॥२२१॥
ऋष्ट पुष्टः सदोत्साहः सत्क्रिया प्रवणः सुखी ॥
तदाप्रभृति भूपाल द्विजाः श्रीमालवासिनः॥२२२॥
भोजयंति द्विजश्रेष्ठान् विवाहान्सप्तमे दिने ॥
ब्राह्मणानामनेकानामशनात्सतु वासरः ॥
अनेकाशीति विख्याताः श्रीमाल भून्नसंशयः२२३
इत्थं निशाचरी राजन् सारिका सा वशीकृता ॥
प्रसादेन सुरभ्याश्च श्रीपुंजेन महीभुजा ॥२२४॥
एत च्छृणोति योभक्त्या सारिकाख्यानमुत्तमम् ॥
पुष्कर्णाख्यानमतुलं सर्व विघ्नविनाशनम् ॥२२५॥
भूतप्रेतादिभिर्दुष्टैर्नकदापि स बाध्यते ॥

इति श्री स्कंदपुराण परिशिष्टे श्रीमालमाहात्म्यसारे पुष्करणोपाख्यानं संपूर्णम् ॥

અર્થ—પરબ્રહ્મનું ધ્યાન કરતા મુમુક્ષુ, યમનિયમથી યુક્ત મહાત્મા સૈંધવ બ્રાહ્મણો ત્યાંથી યથેચ્છ દિશામાં ગયા. રાજા, મહાદેવી સુરભિની બ્રાહ્મણોસહિત પૂજા કરી બ્રાહ્મણોની કન્યા લઈ શ્રીમાળ પુરમાં આવ્યો. ત્યારે સર્વ લોક રાજી થયા અને શ્રીમાલમાં સર્વ પ્રકારે શાંતિ થઈ. વસ્તી હૃષ્ટ, પુષ્ટ, સદા ઉત્સાહી, સત્ક્રિયામાં

આદરવાળી અને સુખી થઈ ત્યારથી હે રાજા ! શ્રીમાલના રહીશ બ્રાહ્મણો વિવાહથી સાતમે દહાડે બ્રાહ્મણો જમાડે છે; એવી રીતે અનેક બ્રાહ્મણોના અશન (ખાવા) થી તે દિવસ શ્રીમાળમાં અનેકાશીતિ નામે વિખ્યાત થયો એમા સંશય નથી. એ પ્રમાણે સુરભિની કૃપાથી શ્રીપુંજ રાજાએ તે સારિકા રાક્ષસીને વશ કરી. આ સારિકાનું ને પુષ્કરણાનું અતુલ આખ્યાન જે ભક્તિથી સાંભળે તેનાં સર્વ વિઘ્નો નાશ પામે છે અને દુષ્ટ ભુતપ્રેતથી તેને કશી હરકત થાય નહીં.

એવી રીતે સ્કંદપુરાણના પરિશિષ્ટમાં શ્રીમાલ મહાત્મ્યસારમાં પુષ્કરણા બ્રાહ્મણોનું આખ્યાન સમાપ્ત થયું.

પુષ્કરણા બ્રાહ્મણોના ઇતિહાસ સંબંધી ઉપન્યાસ.

॥ प्रारंभे स्वेष्टदेवप्रणतिपूर्वकंमंगलम् ॥

श्रीमत्केशवराजो, ऽखिलपौष्करविप्रशर्म्मकृद्देवः ॥
निजपत्कजभक्तजन, त्राताख्यातेऽस्तिरमणकद्वीपे॥
पूरयतुमन्मनोरथ, मथपौष्करविप्रसत्पथाप्तिकरं ॥
प्रारब्धमदःपूर्णं पुस्तंवितनोतुविघ्नमपसार्य ॥ २ ॥

હરએક મનુષ્ય સાક્ષર કે નિરક્ષર પણ સ્વકીય પ્રાચીન વૃત્તાંત સમજવા અને બીજાને સમજાવવા સમુત્સુક દેખાય છે. આ ચાલ જુના કાળથી સર્વત્ર પ્રવર્ત્તેલી સર્વના જાણવામાં છે માટે તે સંબંધી વિશેષ વિવેચન કરતાં સંદર્ભ વિસ્તૃત થવાની ભીતિથી સંક્ષિપ્ત દર્શાવવા યોગ્ય જણાય છે.

બ્રાહ્મણ આદિ ચાર વર્ણો અને તેના પેટામાં આવતી જૂદી જૂદી ન્યાતોએ પોતાથી બનતો પરિશ્રમ લઈ સ્વીય સ્વીય ઈતિહાસ સૂચક ગ્રંથો શોધી પ્રસિદ્ધ કરેચા છે અને કરતા જાય છે; જેમકે નીચે લખેલા ગ્રંથો ઈતિહાસાનૂચક પ્રસિદ્ધ થયા છે તથા થવા લાગ્યા છે.

૧	ઔદીચ્ય પ્રકાશ	ગ્રંથ	ઔદીચ્ય બ્રાહ્મણોનો.
૨	નગરખંડ	ગ્રંથ	નાગર જાતીનો.
૩	ધર્મારણ્ય	ગ્રંથ	મોઢ બ્રાહ્મણોનો.
૪	કંડાલપુરાણ	ગ્રંથ	કંડોળીયા બ્રાહ્મણનો.
૫	ભાર્ગવપુરાણ	ગ્રંથ	ભાર્ગવ વિપ્રોનો.
૬	અનાવળપુરાણ	ગ્રંથ	અનાવળા બ્રાહ્મણોનો.
૭	શ્રીમાલમાહાત્મ્ય	ગ્રંથ	શ્રીમાળી બ્રાહ્મણોનો.
૮	પ્રભાસખંડ	ગ્રંથ	સોમપુરા બ્રાહ્મણોનો.
૯	સહ્યાદ્રિખંડ.		
૧૦	હિંગુલાદ્રિખંડ.		
૧૧	કાળિકાપુરાણ.		
૧૨	રેવતાચલમાહાત્મ્ય.		

ઉપર તો બહુ થોડાં નામો આપ્યા છે પણ આ ભરતખંડમાં ઘણી ખરી જાતિનાં મનુષ્યો પોતાની ઉત્પત્તિ સંબંધી ઐતિહાસિક ગ્રંથોની શોધ ખોળમાં યત્ન કરતા જણાયા છે.

વર્ત્તમાન સમયમાં સરકારે પણ પોતાના સંગ્રહમાં તેવા ઈતિહાસો અને તે પણ ઘણી મોટી મહેનતે અને ધનવ્યયે કરી સં-

પાદન કરાવી ગેઝેટીઅર નામના પુસ્તકોમાં પ્રસિદ્ધ કરાવ્યા છે. તેવા ગ્રંથોમાંથી ઘણી વેળાયે અપૂર્વ વૃત્તાંત મળિ આવે છે અને તેથી મેળવનાર પોતાના ધારેલ મનોરથને સિદ્ધ કરી શકે છે.

ઉપર મુજબ સાધારણ વિચાર પ્રમાણે પ્રસ્તુતમાં પુષ્કરણા બ્રાહ્મણોનો ઇતિહાસ લખનાર પણ કિંચિત્ પરિશ્રમ લઈ પોતાના ન્યાતિલા વિપ્રોને સમાદર પૂર્વક તે ઇતિહાસ દૃષ્ટિગોચર કરવા પ્રયત્નવાન્ થવા ઇચ્છે છે.

જેમ ઉપર કેટલાક ગ્રંથોનાં નામ અને જાતિ દર્શાવેલી છે તેમ પુષ્કરણામાહાત્મ્ય પણ (સ્કંદપુરાણના પરિશિષ્ટ શ્રીમાળપુરાણ માહાત્મ્ય સારોક્ત) શોધ કરી ચાર પ્રતિ મેળવીને ગુજરાતી ભાષાંતર સુદ્ધાં છપાવી પ્રસિદ્ધ કરેલ છે. નીચે લખેલા ગૃહસ્થોપાસેથી તે પુષ્કરણા માહાત્મ્યની પ્રતો મળેલી છે.

પ્રતિ ૧ ઢાકી હરિરામ કચરા ખંભાળિયાવાળા પુરાણિકના પુસ્તક ઉપરથી ઉતારેલી.

પ્રતિ ૧ વ્યાસ ગણેશદાસ જીવરાજે પ્રોત મોતીલાલજી હિમ્મતરામ જેશળમેરવાળા મારફતે મોકલાવેલી હતી.

પ્રતિ ૧ બોડાજી ઋષભદત્તજી શાસ્ત્રી, યોધપુરવાળા પાસેથી મેલવેલી છે. પ્રતિ ૧ અમદાવાદવાળા બોદા ગોવિંદલાલ મોતીલાલે ઢાકી લીલાધર મનજી માર્ફત મોકલેલી.

૧ ઉપર લખેલાં નામોનાં ચાર પુસ્તકોને શુદ્ધ કરવા સારૂ એક પ્રાચીન જીર્ણ પુસ્તક સ્કંદપુરાણ તૃતીય પરિચ્છેદ શ્રીમાલખંડ નામનું સંવત્ ૧૭૮૦ ની શાલનું લખેલું વિબુધવર મહામાન્ય શ્રીમદ્દોવર્દ્ધનજી ઉપનામ ગટ્ટુજી પંડિત મહાશયના પુસ્તકસંગ્રહમાંથી મેળવી પુષ્કરણોપાખ્યાનના અશુદ્ધ શ્લોકોને શુદ્ધ કરેલ છે.

બન્યું તેટલું શુદ્ધ કરી પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવેલ છે એ પુસ્તક અતિ વિસ્તીર્ણ નથી તેથી જોઇયે તેવો ઇતિહાસ સંબંધી ખુલાસો મળી નથી શકતો માટે યથાર્થ મર્મવેત્તા ન્યાતિલા મહા-

શયો પ્રત્યે સાદર વિનતી છે કે પુષ્કરણા સંબંધી કોઈ પ્રૌઢ ગ્રંથ તેઓ કૃપા કરી મેળવી આપશે તો આ બાબતનો જે અંધકાર રહ્યો છે તે નિવારણ થાશે તેમ નીચે લખેલા પ્રશ્નોના પ્રત્યુત્તર મળવાની પણ મોટી આકાંક્ષા છે તેનું ઉત્તર પણ વાંચનારા સૂજાણ ન્યાતિલાઓ લખી મોકલાવવા પરિશ્રમ લેઈ સફલ મનોરથ કરશે.

પ્રશ્નો.

૧ પુષ્કરણાઓ શ્રીમાલિ બ્રાહ્મણોથી જુદા પડયાનો શાક સંવત્, કયું સ્થાન, અને કેટલી સંખ્યા?

૨ મારવાડ દેશમાં એ બ્રાહ્મણો ત્યાંના રાજકર્ત્તાઓની જોડે કેમ સંબંધમાં આવ્યા, અને શું શું પરાક્રમો કરયાં?

૩ એ બ્રાહ્મણોએ યજમાન વૃત્તિ ક્યારે મેળવી, અને તે કઈ કઈ જાતના યજમાનોને પોતાના યજમાનો માન્યા?

૪ મારવાડ દેશ મૂકીને અન્ય દેશમાં ક્યાં ક્યાં ગયા, અને શું કરવા ગયા? તેનો સમય નિર્ણય.

૫ એ બ્રાહ્મણોયે પોતાની ન્યાતમાં કેટલી અને કેવી રીતિયો દાખલ કરી, તથા નુખ આદિની વ્યવસ્થા ક્યારે કરી?

૬ એ બ્રાહ્મણો કુલીન અકુલીન વ્યવસ્થા શી રીતે માને છે? તેનું જુદું જુદું વિવેચન.

૭ આચાર અને ધર્મ સર્વ જાત એકસરખી રીતે સ્વીકારે છે કે ભિન્ન ભિન્ન સ્વીકારે છે.

ઉપર લખેલી ૭ બાબત છે અને તેમાથી અવાંતર પ્રશ્નો અનેક ઉત્પન્ન થાય છે પણ હાલમાં તે સર્વ લખી પ્રસિદ્ધ કરતાં જેટલા પ્રશ્નો અહીં દાખલ કરયા છે તેજ બસ છે.

પુષ્કરણા વિપ્રોની ગોત્રાવલિયો જે પુરૂષોપાસેથી મેળવી છે તેની વિગત.

૨ ગોત્રાવલી મારા પોતાના સંગ્રહમાંથી સ્વર્ગવાસી ભાઈ ઉકા મુકુન્દજીના હાથની લખેલ.

૧ ગોત્રાવલી બોડાજી ઋષભદત્તજી શાસ્ત્રી યોધપુરવાળાપાસેથી.

૧ ગોત્રાવલી અડક, નામ નથી જણાયલ એક મારવાડના બ્રાહ્મણ પાસેથી.

૨ ગોત્રાવલી બોદા નાથા મુરારજી મુંદરાવાળા પાસેથી.

૧ ગોત્રાવલી વાસુ રત્નસિંહ નરસિંહ શાસ્ત્રી ભદ્રેસરવાળા પાસેથી.

૧ ગોત્રાવલી અમદાવાદવાળા બોદા ગોવિંદલાલ મોતીલાલની પ્રતિપરથી ઉતરાવી મેળવેલી.

૧ ગોત્રાવલી લુદ્ર હંસરાજ પ્રેમજી માંડવીવાળા પાસેથી.

૧ ગોત્રાવલી છાકણી ચૂનીલાલ હીરાલાલ વડોદરાવાળાપાસેથી.

ઉપર લખેલી દશ ગોત્રાવલીયોનો લેખ પરસ્પર મળતો આવે છે તેમ કેટલેએક ઠેકાણે નથી મળતો. એ લેખને દુરસ્ત કરવા માટે બહુ શ્રમ કરવો પડયો છે, સબબ જે જે નુખોનાં ગોત્રના નામો લખ્યાં છે તેના પ્રવરનાં નામોમાં મોટો ફુરક દેખાવા લાગ્યો. તેમાં પ્રવરના ઋષિઓના શબ્દો એવા તો બગાડ્યા છે કે કલ્પનામાં પણ ન આવે. અંતે ધર્મશાસ્ત્રનાં પુસ્તકો પાસે રાખી તેમાંથી ગોત્રપ્રવર નિર્ણય શોધી કરી ને ગોત્રાવલીનાં પ્રવર નામોને દુરસ્ત કર્યાછે. ક્યાંક વેદશાખા મળતી આવે તોપણ સૂત્રોનાં નામમાં જે ફુરક દેખાયો તે સુધારવામાં આવેલ છે. ગોત્રાવલી દુરૂસ્ત કરવા માટે નીચે લખેલ ગ્રંથોની જરૂર પડી હતી.

૧ કમળાકરકૃત નિર્ણયસિંધુ.

૧ ભટ્ટોજી ભટ્ટ વિરચિત ગોત્ર પ્રવરનિર્ણય.

૧ ગોત્રખંડ.

૧ નીલકંઠકૃત. સંસ્કાર મયૂખ.

૧ કાશીનાથોપાધ્યાયકૃત. ધર્મસિંધુ.

૧ સંબંધ નિર્ણય. બંગાલી લીપીમા છપાયલ.

ઉપર જણાવેલાં પુસ્તકોમાંથી જેટલું મળી આવ્યું તે સર્વ નિશંક લખવામાં આવેલ છે.

નુખ, કિંવા અવટંક, અટક, ખાંપ એમ જુદે જુદે ઠેકાણે બોલવાનો વ્યવહાર છે. પૂર્વે તો એ બાબતનો મર્મ એ હતો કે વ્યાસ, પુરોહિત, ઉપાધ્યાય, પાઠક, ત્રિવાડી, દ્વિવેદી, જોષી, એમ કર્માનુસારી નામો હતાં પણ પાછળથી તો નામોમાં કર્મ બદલી જવાથી નુખોનાં નામો ધણાં બદલી ગયાં છે.

કેટલીક નુખોનાં બબે ત્રણ ત્રણ નામો જણાયાં છે, માટે તેમાં અસલ નામ કયું છે ને પદ્દી નામ કયું છે તે સમજવું ઘણું મુશ્કેલ છે. કેટલીક નુખો પદ્દીના નામથી પ્રસિદ્ધ છે અને નુખનું નામ ઢંકાઈ રહે છે. દાખલા તરીકે :—

૧ ટંકશાલી નુખ અસલ નામ ને વ્યાસ એ પદ્દીના નામથી ઓળખે છે.
૨ બોધા નુખને પુરોહિત એ પદ્દીના નામથી ઓળખે છે. પણ કચ્છમાં કે હાલારમાં તો બોધાને બોદ્દા કરીને બોલે છે.
૩ ત્રિવાડી નુખને માડવારમાં તથા બીજા દેશોમાં જાણે છે. પણ કચ્છ હાલાર સિંધમાં બિલકુલ જાણતા નથી, તે નુખની જોશી પદ્દી છે.
૪ કવસ્થલિયા નુખને છાંગાણી એ પદ્દીના નામથી ઓળખેછે.
૫ ગંઢડીયા નુખને જોશી એ પદ્દીના નામથી ઓળખે છે.
૬ પ્રમણેચા નુખને મારવાડમાં મુત્તા એ પદ્દીના નામથી ઓળખે છે. બીજા દેશમાં મેતા એ નામે જાણે છે, પણ પ્રમણેચા એ નુખ શ્રીમાલીમાં પણ છે.
૭ વાછડ નુખનું આંવળિયા બીજું નામ છે.
૮ પાડેચા નુખને કોઈ દેશમાં પંડચાના નામથી જાણે છે.
૯ ચોવટીયા નુખને જોશી એ પદ્દીથી જાણે છે.
૧૦ લુદ્ર નુખને કલા એ પદ્દીથી જાણે છે.
૧૧ વિશા નુખના ગોગિયા, માપારા, એવાં બીજાં નામો છે.
૧૨ કપટા નુખને બોહોરા એ પદ્દીના નામથી જાણે છે.
૧૩ રામદેવ નુખને થાનવી એ પદ્દીના નામથી ઓળખે છે.

તેમજ એકેકી નુખમાં પણ અવાંતર ભેદ જણાયા છે. જેમકે,

૧ પાણિયા—એ નુખના ભેદ આઓ, ઓટો, ગડૂ, મોગો અને હોશી, એમ સર્વ ન્યાતિલા જાણે છે, તેના વંશજમાંના સમસ્ત પણિયા છે, પણ કોઈ સપ્રમાણ સ્પષ્ટ નથી કરતું કે અમુક પુરૂષ કે કુટુંબ અમુકનો વંશજ છે. સામાન્ય રીતે તો રાય પણિયા અને હોશી પણીયા એમ બે ભેદ છે.

૨ બોધા (બોદા) નુખનું પદ્દી નામ પુરોહિત છે અને તેના ૬૦ ભેદ છે તેમાંના થોડા આગળ લખવામાં આવશે.

૩ આચાર્ય એ કોરે પોત્રા આચાર્યના નામથી સર્વત્ર પ્રસિદ્ધ છે ક્વચિત્ માડવારમાં બ્રહ્મપોત્રા કહેવાય છે પણ એ નુખનાં બીજાં નામો પણ છે, ગોત્રાદિકમાં ભિન્નતા નથી જણાતી. નામનો ભેદ આ પ્રમાણે કોરેપોત્રા, કંધીબુડા, માંકડા, ગણે-શાણી, કાશીઆણી, આ ભેદને કછી-હાલારી વિશેષ જાણેછે.

૪ મુચ્ચડ નુખના તો પુરોહિત ગજજા એ નામાંતર છે, પણ મુચ્ચન એ નામે માડવાર દેશમાં પ્રસિદ્ધ છે.

૫ જોશી એ પદ્દી ત્રણ નુખને છે. એક ચોવટીયા, બીજી ત્રવાડી અને ત્રીજી ગંઢડીયો છે ત્યારે ભીલડીયા જોશીનો કઈ નુખમાં સમાવેસ થાય છે તે સ્પષ્ટ માલુમ પડતું નથી, પણ શોધ કરતાં ભીલાડામાં તેના વડાયે કોઈ જલાસય કરાવ્યાથી ભીલડીયા જોશી કહેવાયા.

૬ બોડાનુખનો એક ભેદ ધારસૂર બોડાને નામે પ્રસિદ્ધ છે તથા બીજો બોડા નામે ગણાય છે.

૭ વાસુ એ નુખમાં પણ અનેક ભેદ જણાયા છે. તેમાં ડંગ-વાસુ, ઝંગવાસુ, લાખાવાસુ, તેનો ખુલાસો સ્પષ્ટ મળવાની અગત્ય છે. તેમ મામલિયા, એ પણ ઉપનામ જાણવામાં છે.

ચોરાશી નુખોમાની કેટલીક નુખોનો કયાંય પણ પત્તો નથી મળી આવતો એમ ઘણાઓને પુછી લીધેલ છે તે છતાં પણ કોઈ

તેમાંની નુખો હાલ કયાં સ્થળે વસે છે તે સ્પષ્ટપણે લખી જણાવશે તોપણ મોહોટો ખુલાસો થાશે.

નાસીક ત્ર્યંબકના ગોરોના ચોપડાઓમાં પુષ્કરણાનાં નામો જોતાં મેળવાઈ નુખ તથા *રોડ નુખ દેખાય છે પણ તે નામો ૮૪ નુખોમાં કે ગોત્રાવલીમાં નથી દેખાતાં.

જે જે નુખો દેશ દેશાવરમાં શોધ કરતાં નથી જણાઈ તે નુખોનાં નામ નીચે પ્રમાણે;—

૧ કાકરેચો.
૨ માથુર.
૩ ચુલ્લડ.
૪ કાદા.
૫ કીરતા.
૬ નવલા.
૭ ત્રિવાડી. (મારવાડમાં)
૮ માંધુ. (થળમાં)
૯ ગોદા.
૧૦ ગોદાના.
૧૧ ગૌતમા.
૧૨ ઠાકર. (થળમાં)
૧૩ બદ્દલ. (મારવાડમાં)
૧૪ દોઢા. (દોઢ, રોઢ, રોટ?)
૧૫ બટુ. (મારવાડમાં)
૧૬ માતમાં.
૧૭ બુઝડો.
૧૮ કવસ્થળિયા. (માડવાર)
૧૯ મોહોદો. (મેલવાઈ? અમદાવાદ)
૨૦ ગંઢડિયો.
૨૧ દગટા.
૨૨ પેઢા.
૨૩ રામા.
૨૪ ભમણેચા. (માડવારમાં)
૨૫ જીવણેચા.
૨૬ લાપશીયા.
૨૭ વાહેતી.
૨૮ મેડતવાલ.
૨૯ કુપળિયા.
૩૦ વાછટ.
૩૧ પુછનોડા.
૩૨ પાડેઆ.
૩૩ બાજા.
૩૪ ઝુંડ.

* રોડ નુખવાળા બ્રાહ્મણોને પુછીયે છે એ તો તેના ઉત્તરમાં અમે કલ્લા છેએ, રોડ તો આડનામ છે એવો ખુલાસો કરે છે.

૩૫ મુમટિયા.	૪૭ મુદ્દર.
૩૬ કાઈ.	૪૮ પડિહાર.
૩૭ કર્મોણા.	૪૯ મચ્છર.
૩૮ અચ્છુ.	૫૦ ટિહુશિયા.
૩૯ શેષધાર.	૫૧ સોમનાથ.
૪૦ તાકમુતા.	૫૨ કિરાયતા.
૪૧ વિગેઈ.	૫૩ ગોટા.
૪૨ વિડંગ.	૫૪ મિહુા.
૪૩ ટેટર.	૫૫ ગોદાણા.
૪૪ રતા.	૫૬ ખાખડ.
૪૫ બિલ્લા.	૫૭ ખીશા.
૪૬ મુતર.	૫૮ બુહારા. (કચ્છ)

ઉપર લખેલી નુખના બ્રાહ્મણ કચ્છના શેહેરોમાં, હાલારના શેહેરોમાં તથા મુંબઈમાં ઘણું કરી જાણવામાં નથી આવ્યા, તોપણ તેમાંના મેસવાઈ નામને ન્યાતીલા જાણે છે ખરા તેઓમાંની કેટલીએક નુખો કચ્છના ગામડાંમાં, અને હાલારનાં ગામડાંમાં, મચ્છુકાંઠા તથા સોરઠ કાઠીયાવાડ, અને ગોહિલવાડમાં જણાયા છે. ઉપર લખેલા ઠેકાણાવાળાઓ પોતાને પુષ્કરણા બ્રાહ્મણ માનનારા અને તે તે સ્થલોના રહેવાસીઓ પણ તેઓને પુષ્કરણા નામથી જાણે છે. તથા તેઓમાંથી કન્યાઓ લાવવા ચાલ છતાં પણ તે બ્રાહ્મણોને બીજા મોટા વર્ગમાં ભોજન પંક્તિ નથી મળતી. તે બ્રાહ્મણોની નુખ અને રહેવાસીનાં ઠેકાણા નીચે પ્રમાણે;—

નુખો.	ગામનાં નામો.
૧ કપટા.	જામનગર, મચ્છુકાંઠા તથા માળિઆ.
૨ બોડા.	હાલાર તાબે, મોડા, ખડબા.
૩ મેતા.	હાલાર તાબે, લાલપર; દબાસંગ, મચ્છુકાંઠા તાબે ઝાઝાસર.

૪ ભટ (ઓઝા)	હાલાર તાબે, રાફુદડ, નાના રફુદડ, ધ્રાફા, મછુકાંઠા તાબે, જુનાગઢ, હાલારતાબે, બેલા.
૫ બોધા (પંડ્યા)	હાલાર તાબે, ખડલા, બંગડા, જેતપર, ભેરાણુ, તોરી, શાવર, કુંડલા અને જશાધણ.
૬ લુધ્ર.	હાલાર તાબે ધ્રાફા, ઉમરાળુ, જેતપર, આબરા, ગોંડલ, કોળિયલ
૭ હેડાઊ.	મછુકાંઠા તાબે માળિઆ, બરાડ.
૮ ત્રવાડી.	ગોંડલ.
૯ કોથલિયા. (કવસ્થલિયા)	મછુકાંઠે, માળિઆ.
૧૦ ટંકશાલી. (વ્યાસ)	ચારણીઉં.
૧૧ કેવળિયા.	કોળિયળ.

કચ્છ વાગડ પ્રગણાના કટારીઆ ગામમાં ત્રવાડી અને કોથળિયા (કવસ્થલિયા) તથા ખાવડામાં અને અરલમાં બોવારા એ નુખો છે પણ તેઓને પંક્તિ મળતી નથી. નાસક ત્ર્યંબકના ગોરના ચોપડાઓ તપાસતાં મેલવાઈ, અને રોડ, આ બે નુખો પોતાના રેહઠાણ અને નામો સુદ્ધાં લખેલ જણાય છે તે ચોરાશી નુખોની ગણનામાં નથી દેખાતાં પણ મોહલો નામ બદલાઈ મેલવાઈ થયેલ હોય તેમ દોઢા નામ બદલી દોઢ અને તેમાંથી રોડ થયેલ હોય એમ અનુમાન કરી શકાય છે.

ગુજરાતના પુષ્કરણા બ્રાહ્મણોમાં નીચે પ્રમાણે નુખો છે.

અમદાવાદમાં ૧ વિશા. ૨ ત્રવાડી. ૩ ઉપાધ્યાય. ૪ મોહલા. ૫ બોદા એ પાંચ નુખો છે.

વડોદરામાં પણિયા, ઓઝા અને છાકાણી એ ત્રણ નુખો છે.

સુરતમાં પણિયા એક નુખ છે.

એ ગુજરાતના પુષ્કરણા બ્રાહ્મણોનો ઉદ્યમ વૈદ્ય વિદ્યા, વ્યાપાર, જ્યોતિષ અને કોઈકને યજમાન વૃત્તિ છે.

ગુજરાતના પુષ્કરણાઓની પૂર્વે મોટી સંખ્યા હતી અને કાલ-પ્રભાવથી ઓછી થતી ગઈ એ વિપ્રોનો સંબંધ ખાનદેશના નગરો એટલે બર્હાનપુર, ધરણગામ, આદિમાં હતો અને હાલ પણ છે તથા ગુજરાતમાં પણ છે. ધરણગામ વગેરેનો સંબંધ જેમ ગુજરાતમાં છે તેમ મુંબઈ, કચ્છ, હાલારમાં, પણ ચલુ છે. એ સર્વને વિદિત છે.

ઉપર લખેલ ગુજરાતના બ્રાહ્મણોનો સંક્ષેપ વૃત્તાંત પણ ઐતિહાસિક વિષયોપયોગી હોવાથી સૂચવવો જરૂર જણાયો. વળી ગુજરાતમાંથી વર્તમાનકાલમાં પણ ત્રણ કન્યાઓ ખંભાલિયાવાળામાં તથા ત્રણ ચાર કન્યાઓ મુંબઈમાં અને ૧ કન્યા સિંધમાં પરણેલ છે. તે પેહેલાં સુરતની પણ બે કન્યાઓ મુંબઈમાં આવેલ, તેથી ન્યાતનો સંબંધ કાયમ છે.

આસરે ત્રીશ પાંત્રીશ વર્ષ પેહેલાં અમદાવાદવાળા ગોસ્વામી મહારાજ માંડવી પધારેલા તેઓની જોડે એક અમદાવાદના રહેવાશી પુષ્કરણા બ્રાહ્મણ વૈદ્ય હતા અને તેઓનું ધણું કરી ત્રિકમલાલ નામ હતું, જેઓ ગૃહસ્થ સ્થિતિના અને સદહું ગોસ્વામીના માનીતા વૈદ્ય હોવાથી તેઓની માંડવીમાં સુપ્રસિદ્ધી થાતાં તે વેળાએ ન્યાત પટેલોએ સ્થાનશુદ્ધમાં ભોજનાર્થ નિમંત્રણ કરી બોલાવ્યા અને ન્યાત નિમંત્રણને માન્ય કરી તેઓ મુકટો અને જલપાત્ર લઈ યજ્ઞશાળામાં આવી બાહાર પાટે પટેલો પાસે બેઠા. પંક્તિ બેસવાની વેળાએ મુકટા વગર વિપ્રોને પંક્તિ વ્યવહારમાં સામેલ થયેલા જોતાં તેઓનાં મનમાં સંકોચ થવાથી કંઈક મિસકરી થોડીવાર બેશી ઉતારે ચાલ્યા ગયા અને તે પછી તેઓ કોઈ વેળાયે સ્થાનશુદ્ધમાં ન આવ્યા. આ દાખલો તે વેળાના કોઈ નિષ્પક્ષપાતિ પુરૂષોએ જાણેલ હશે તો હાલ તરતમાં કબુલ કરશે. તે વેળાના પટેલો તો હાલ હૈયાત નથી. પણ આ લખનારને થોડું થોડું સ્મરણમાં આવે છે.

જો લોકો આવા બનાવો સંબંધી દીર્ઘદર્શી વિચાર કરતા નથી

તો તેથી મોટા અનર્થકારક પરિણામ અને કોલાહલ પેદા થાય છે. ગુજરાતના પુષ્કરણા વિપ્રોના આચાર અને ધર્મનિષ્ઠા અતિ પ્રશંસનીય છે. એ સર્વત્ર વિદિત છે.

લાંબી વાત જવા દઈ પચીશ વર્ષ પેહેલાં કે તે સમયના દાખલાઓ તપાસતાં જણાશે કે કચ્છમાંડવીમાં થળ અને માડવાર દેશનો વ્યાપાર ચલુ હતો ત્યારે દર અઠવાડીયે થળ અને માડવારના પુષ્કરણા બ્રાહ્મણો પચીશ પચાશ હમેશ ઊંટોની કતાર લઇ આવતા અને ન્યાત પંક્તિમાં જમતી વેળાયે સર્વેના જોવામાં આવતા તેમ ગિડી, ઉમ્મરકોટ, છાછર, ચેલાર વગેરેના રેહેવાસી ન્યાતીલા જોડે લગ્ન સગાઈ સંબંધ પણ ન્યાતમાં ચલુ હતો માત્ર તે સમયના લોકોમાં રાગ દ્વેષ નહતો તેથી વિષાદનો વધારો નહી થતો હતો.

તે સમયમાં દૂર દેશના બ્રાહ્મણોનો વૃત્તાંત મેળવવો કઠીણ હતો પણ ભલાં અને પુણ્યનાં કાર્યો તે વેળાયે પણ ગુપ્ત નહી રહ્યાં હતાં. જેમાં પૂર્વે આડત જોશીએ માંડવીમાં યજ્ઞપુરશ્ચરણ કરી યજ્ઞશાલાનું નામ કાયમ રાખ્યું. માડવાર યોધપુરના મુ સાહેબ સ્વર્ગવાસી પ્રભુલાલ શાસ્ત્રી ચંડવાણી જોશીજીએ શોપ ભોજન (અશોપ ભોજન) નામનો મોટો પ્રસ્તાવ કરી સમસ્ત દેશના ન્યાતીલાઓને નિમંત્રણ કરી મન માન્યો આદર સત્કાર આપી વિદાય કરયા. તથા માંડવીમાં પણ વૈકુંઠવાસી થાનવી મોહનજી ઠાકરદાસે (મોના રવજી) મોટું ગાયત્રી પુરશ્ચરણ સાંગોપાંગ કરી દેશ દેશાવરમાં ન્યાત નોંતરૂં ફેરવી સમસ્ત ન્યાતીલાઓને તેડાવી કરી પૂર્ણાહુતી થવા બાદ માર્ગ ખર્ચ સાથે મોટા આદર સત્કાર દક્ષિણા દાન સમેત વિદાય કરયા. એવા તપસ્વી અને ઉદાર પુરૂષોની ઉદારતા પણ સંક્ષિપ્તપણે આ ગ્રંથમાં લખવા યોગ્ય જાણી પ્રસિદ્ધ કરી છે. આ વૃત્તાંત સર્વત્ર વિદિત છે.

તે સમય જ્યારે તેવો વર્ત્તતો હતો ત્યારે આ વેલાએ તેથી વિપરીત દેખાવ જણાય છે. બ્રાહ્મણોના સુયશ વર્ણનમાં કંઈ રાજ

કાર્યભાર કિંવા મોટા વ્યાપાર કરી પ્રસિદ્ધ થવાના ઇતિહાસો લખનારનાં સ્મરણમાં ન હોવાથી જે જે ધર્માચરણ અને પોતાની ન્યાત તરફ ઉદારતાની સાથે સદ્‌વાંછાનો વૃત્તાંત મળ્યો તેટલો આ ચોપડીમાં પ્રસિદ્ધ કરેલ છે.

સામાન્યપણે કચ્છ હાલાર અને સિંધ દેશના બ્રાહ્મણોનો ધર્મ આચાર વલ્લભાચાર્ય સંપ્રદાયાનુસાર છે અને એ બ્રાહ્મણોની આજીવિકા નીચે પ્રમાણે છે.

૧ યજમાન વૃત્તિ.	૭ પાઘડી બાંધવાનો ધંધો.
૨ વિદ્યોપજીવિત્વ.	૮ મુકાદમી.
૩ વ્યાપાર.	૯ દેવ સેવા આદિ.
૪ સાવકારી નોકરી.	૧૦ દલાલી.
૫ ખેતિનો ધંધો.	૧૧ મારવાડમાં રાજકીય કામો.
૬ રસોઇ અને મીઠાઇનો ધંધો.	

૧ પેહેલો વર્ગ સગાઇ સંબંધમાં પોતાને કુલીન માને છે અને તેનું કુલીનપણું માત્ર કંકુ કન્યા આપવી તથા તેવીજ રીતે પોતાના છોકરાઓ સારૂ કંકુ કન્યા લાવવી.

૨ બીજો વર્ગ પોતાની કન્યાઓની સગાઇ વેળાયે કંઇક અલંકારની બોલી કરે છે.

૩ ત્રીજો વર્ગ અલંકાર અને કંઇ સંખ્યા (પહુ) પણ કરાર કરે છે.

વર્ત્તમાન સમયમાં ન્યાતના એક જુદા ભાગને પરજ્ઞાતિ ગણી બાહાર પડી બોલનારાઓ ન્યાતને વગોવે છે, તેનો ખુલાસો આણવા માટે આસરે અર્દ્ધા દજ્જન ન્યાતિલાયે પ્રયાસથી થોડા ન્યાતિલાઓની સહિયો મેળવી એક મોહોટો ઉદ્‌ઘોષ મચાવ્યો કે ન્યાતમાં પરજ્ઞાતિ પરણનાર સર્વથૈવ ન જોઇયે; પણ તેઓને દીર્ઘદર્શી થઇ જાણી લેવું જોઇયે કે આ ઉદ્‌ઘોષનો શો હેતુ છે. પરજ્ઞાતિ કહો કે ગામડાવાળા કહો ગમે તેમ સમજો પણ ન્યાતમાં તો બાળવૃદ્ધ સઘળા જાણે છે કે જે વર્ગને પંક્તિ નથી મળતી તે વર્ગમાંથી જો કોઇ સપાંક્ત ન્યાતીલો પરણી આવે તો તે પોતાની મેળેજ

પંક્તિબાહાર રેહે છે; કારણ કે અસલથીજ તેવો બંદોબસ્ત થયો પડયો છે, અને તે કોઈને પણ અજાણ્યો નથી અને હવે પછી પણ જો કોઈ તેવું પરણી આવવાનું કામ કરે તો પંક્તિથી અલગ બેશી રહે છે ત્યારે તે બંદોબસ્ત નવેસરથી ને ચોળી ચીકણું કરી નવું રૂપ આપી શું કરવા ઉસ્કેરણી કરવી ?

આ બાબંત સમસ્ત ન્યાતિલાઓ મુંબઈના કે દેશાવરના એક સમ્મત થાતા નથી. અને જ્યારે સર્વે એક સમ્મત થઈ કોઈને પંક્તિ આપે છે તો ન્યાત પતિતપાવન છે માટે અપાંક્તને પણ સપાંક્ત કરી શકે છે તેમાં કાંઈ શંકા રેહેતી નથી. ન્યાતના ખરેખર શુભવાન્છકો પાસે આ પ્રસંગે તો એવી વિનંતી છે કે ન્યાતનું ખરૂં કલ્યાણ અને શોભા જે બંદોબસ્તથી વધે તેવો કાંઈ બંદોબસ્ત થાય તો સર્વત્ર જયજયકાર થાય તે બાબત થોડીક સૂચના ધ્યાનમાં રાખવા લાયક જણાય છે.

એ બાબતો સાધારણપણે પણ સારા બ્રાહ્મણોએ ધ્યાનમાં રાખી સુધારી પ્રવર્ત્તાવવા જરૂરની છે.

૧ જો પોતાના ગોત્ર અવટંક આદીની સમજણ નહી હોય તો તે સમજી લેવી જોઈએ.

૨ બને ત્યાં લગણ સામસામો વિવાહ ન કરવો.

૩ પરસ્પર વૈરભાવથી જો કોઈ પરસ્પર પિત્રાઈયોનું સૂતક પિંડરૂ ન પાળે તો ન્યાતે તે વાતપર લક્ષ્ય દેવું.

૪ નજીકની સગાઈ છતાં માંહોમાંહે કન્યા લેવ દેવ ન થાય તેવો બંદોબસ્ત થવો.

૫ લગન અને તેના અંગકાર્યોમાં સમસ્ત તો નહી પણ કેટલોક ભાગ *પલ્લીના નામથી ઉચ્ચાર કરે છે એ ન થવા પામે

* સ્ત્રીઓ ટોળા બદ્ધ ઉભી અપશબ્દ ભરેલાં ફટાણાં ગાય અને તેઓની સમીપમાં વેવાઈ ગણાતા પુરૂષો ખડા રહી. તાળી પાડી અપશબ્દ ભર્યું કવિતા બદ્ધ ભાંડણુ બોલે તેને પલ્લી નામ આપે છે.

શિષ્ટ લોકો એવી અનર્થદાયક ચાલથી સીદાય છે. એમાં કાંઈ અનન્ય લાભ નથી પણ હાની છે.

૬ વિવાહાદિ મહોત્સવમાં પુરૂષે નાચવાની ચાલ ટાળવી જોઈએ.

૭ વિવાહાદિ મહોત્સવમાં બિભત્સ ફટાણાનો બંદોબસ્ત થવો જોઈએ.

૮ રાંધેલા અન્નનાં લાણાં બંધ કરવાં.

૯ એકાદશાહ ભોજન પણ નિંદ્ય છે.

૧૦ સંધ્યા, બ્રહ્મયજ્ઞ, દેવસેવા આદિ કર્મ નિયમસાર ચાલુ થાય.

૧૧ નિત્ય કર્મ વિના જમાય નહી.

૧૨ પાંચ પચીશ કે આખી ન્યાતમાં પણ જમતાં જમતાં કોઈ પંક્તિ વચ્ચે બેઠેલો ઉઠે નહી.

૧૩ કોઈની સાથે બેસી ન જમાય.

૧૪ ઘેર કે ન્યાતમાં પણ જમવા પેહેલાં નાહાવું, મુગટો પેહેરીને પંક્તિમાં પેસવું.

૧૫ જોડે બેઠેલા કોઈનાં પણ જલપાત્રમાંથી પાણી ન લેતાં પોતાના પાત્રમાંથી જલ લેવું.

૧૬ કોઈ બ્રાહ્મણ જણ બચું પણ મોટા જલપાત્ર (હાંડા) પાસે જઈને મુખ શુદ્ધ કરી એઠા છાંટાથી હાંડાને ન અભડાવે તેનો બંદોબસ્ત.

૧૭ ભજીયાં જમવા જો કોઈ તાવડા પાસે જાય તો અટકાવવો.

૧૮ તમાકુ બીડીનો વ્યવહાર કરતો કોઈ જણાય તો તેનો બંદોબસ્ત.

૧૯ દિખલપાઈના અનાચાર ભરેલી ચાલનો બંદોબસ્ત. લગ્નને આગલે દિને જાનૈયા કન્યાના બાપને ઘેર વસ્ત્ર સમેત લાપશી દુધ ભાત જમે છે તેને દિખલપાઈ કેહે છે.

૨૦ બીજી જાતીના બ્રાહ્મણો પોતાની ઊંચતા માની જો પીરસતાં દૂરથી ફેંકે તો તેનો બંદોબસ્ત. એ જાતને અવર જાત કહેવાય.

૨૧ તેમજ વૈશ્ય વગેરાઓની પક્કી રસોઈ જમનારાઓના હાથની રસોઈ પણ ન જમવાનો બંદોબસ્ત.

૨૨ મરણોત્તર સુરો અપાય છે તેનો બંદોબસ્ત.

૨૩ બજારમાંથી ન્યાતવાળાની દુકાનપરથી પાન મિઠાઈ કુડશાણુ લાલી ન વાપરવાનો બંદોબસ્ત.

૨૪ બીજી ન્યાતના વાપરેલા ચૂલાપર રસોઈ ન કરવા બંદોબસ્ત.

૨૫ વાડીમાંહે નામાની ભિક્ષા કે હાથેહાથની જે વાર ન લેવા બંદોબસ્ત.

૨૬ જો કોઈ મંદ ભાગ્યવશાત્ કારાગ્રહમાં જાય અને તેથી મુક્ત થઈ આવવા બાદ તેને પંક્તિમાં લેવા પેહેલાં યોગ્ય પ્રાયશ્ચિત્ત કરાવવાનો બંદોબસ્ત.

૨૭ વર કન્યા પરણ્યા બાદ સ્ત્રી ધર્મમાં કન્યા આવ્યા વિના ચંદ્ર નામની રીતનો બંદોબસ્ત કરવો. એ અશાસ્ત્રીય ચાલ ટાળવો જોઈએ.

૨૮ જો કોઈ અબલાના સંબંધમાં ગુપ્ત દોષ કે પ્રત્યક્ષ દોષ ન્યાતમાં ચર્ચા પામે તો તે સંબંધી બંદોબસ્ત.

૨૯ મૃત્યુ પામનાર પ્રાણિના શબને સ્નાન કરયાવિના સ્મશાન લઈ જવાની ચાલ બંધ કરવી.

૩૦ જમતાં સર્વે જ્યાં લગણ જમી ન રહે ત્યાં લગણ મુખ શુદ્ધ કરી વચેથી ઉઠવું નહી એથી પંક્તિમાં જમનાર બીજાઓ અભડાય છે.

૩૧ તેમ પંક્તિમાં સર્વે પરોસાઈ જવા બાદ જય બોલે નહી અને અપોશાન ન લે ત્યાં લગણ જમવા મંડવું નહી.

૩૨ બીજી પંક્તિમા બેસનારાઓએ એઠવાડવારી જમીનમાં ન બેસવા સંબંધી બંદોબસ્ત.

૩૩ ન્યાત જમવા પેહેલાં કોઈ પણ પ્રથમથી તબેલામાં કે બાહાર જમવા ન પામે.

૩૪ ન્યાત ભોજનનાં પાત્રો કાળાં ન રેહેવા બાબત.
૩૫ સૂતકી તો પંક્તિમાં નહી આવતો હોય પણ પિંડરૂવાળો આવી પંક્તિમાં સામેલ થઈ જલપાત્રને અભડાવે તો તેનો બંદોબસ્ત.
૩૬ કોઈ પણ અપઘાતથી ગત થયેલાનો દાહાડો પ્રાયશ્ચિતવિના ન જમવા બાબત.
૩૭ મરનાર પાછલ તેજ દિવસે મૂછ ન ઉતરાવતાં દશમાને દિવસે સૂતક ઉતારવાની સાથે મૂછ ઉતરાવવાનો બંદોબસ્ત.
૩૮ માથાપરથી ચોટલી કપાવી નાખનારને શિક્ષા.
૩૯ ન્યાત ભોજન પંક્તિમાં જમનારા જેમ સઘળા મુગટા પેરે છે તેમ નાના બાલકો અને તે પંક્તિમાં પરોસનારા પણ કોઈ વેલાયે મુકટા વિના દાખલ થવા ન પામે તેમજ સ્રીયો પણ નવેણનાં વસ્ત્ર વિના પંક્તિમાં સામેલ થવા ન પામે તેવો બંદોબસ્ત.

ઉપર લખેલ મુખ્ય બાબતો માત્ર છે પણ જો ન્યાત બંદોબસ્ત કરે તો તેની સર્વત્ર પ્રશંસા થાય એમાં તો લગાર સંદેહ નથી.

ઉપલી બાબતો કેટલાક અંશે ઇતિહાસના વિષયથી જુદી છે પણ વર્તમાન સમયના કચ્છી હલાઈયો વગેરે વિપ્રોના હિત સૂચક હોવાથી લખવી પડી છે.

પુષ્કરણા બ્રાહ્મણોનો મોટો સમુદાય મારવાર દેશના નગરો જેમકે યોધપુર, બીકાનેર, પાળી, ફળોધી, પોકરણ, મેડતો, નાગોર અને જેશળમેરમાં છે.

સિંધદેશના નગરોમાં કરાચી, નગરઠઠ્ઠા, હૈદ્રાબાદ, શિકારપુર, શાહબંદર, શેવાણ, જૂણ, બદીના, રોડી, શક્ખર, ટંડા, નશરપુર અને ભાવલપુર તથા મુલતાન, પર્યંત અને પંજાબમાં પણ લાહોર, ડેરાઈશ્માલખાં, લગણ વસે છે. તેમ થળના મુલકમાં મિઠ્ઠી, અમરકોટ અને છાછરા તથા ચેલારમાં વસ્તી છે.

કચ્છ, હાલાર, તથા ખાનદેશમાં ધરણગામ, વેજાપુર અને ગુજરાતમાં પાટણ, અમદાવાદ, વડોદરા અને સૂરતમાં વસતી છે.

નીચેનો એક પુષ્કરણાઓનો જૂદો વર્ગ છે જે,—

હાલાર, મચ્છુકાંઠા, સોરઠ અને કાઠીઆવાડ, તથા ગોહિલવાડ, વગેરે પ્રાંતમાં સૌ મળી ૧૦૦ ઘરથી થોડીક અધિક સંખ્યા થાય છે તથા તેઓના મેળની થોડીક સંખ્યાના ઘર કચ્છમાંડવીમાં હતાં તથા હાલમાં પણ છે અને તેઓની નુખો વાસુ, હેડાઉ, કોથળિયા, (કવસ્થળિયા) તથા ગામડામાં (કોકલિયામાં) બોડા નુખ છે. એ લોકોને માંડવીમાં યજમાનોને ઘેર સ્થાનશુદ્ધ ભોજનમાં જમવા આવવાની છૂટ છે, પણ પંક્તિ પાસે વચમાં લાકડી મેલીને જમવાં બેસે છે. તેઓની કન્યાઓ દૌહિત્રા ભાણેજ ન્યાત વચ્ચે બેશી જમે છે. બાકી ન્યાતિલાઓ તરફથી પીરશાવા કરવામાં પણ કશી રીતે તેઓને અનાદર કે અપમાન નથી તેમ યજમાનો તરફથી પણ કોઈ પ્રકારે અપમાન તિરસ્કાર નથી. જો યજમાનો દક્ષિણા પ્રવાહ કરી નામાં આપતા હોય તો તેઓને પણ પોતાનાં નામાં મળે છે. વિશેષ તો એ છે કે તે વર્ગના એક જણની કચ્છમાંડવીમાં મિઠાઈની દુકાન છે તે પરથી ન્યાતિલાઓ ખુલ્લે વ્યવહારે મિઠાઈ લેઈ જાય છે. મેળે મલાખે ગોઠપાઠમાં રાંધવા પીરશાવાના કામમાં પણ ભળતા રેહે છે અને તેઓને પોતાને ઘેર કન્યા વિવાહ પ્રસંગે ન્યાતિલાઓને નાઠીઆ ભોજનમાં નોતરૂં મોકલવાથી ન્યાતિલાઓ જમવા જાય છે એ સર્વને વિદિત છે. આથી તેઓ પુષ્કરણા જાતમાંથીજ ટળી જાય એ માનવું વ્યર્થ છે, પણ તેઓને ન્યાત પંક્તિ વચ્ચે બેસવાને નથી બનતું; આનું કારણ કંઈ પણ રાગ દ્વેષનું હોવું જોઈએ. હાલમાં તો તેઓ છેક ન્યાતિલાઓની જોડે ભળતાજ દેખાય છે. એ વર્ગમાંથી બોડા નુખવાળા યજમાન વૃત્તિમાંથી પોતાના ભાયાંતો પાશેથી ભાગ પણ મેળવે છે. માટે જો તે વર્ગને કોઈ ચાવર ન્યાત કેહેતો હોય તો તે ઉચિત નથી.

---

* આ વર્ગને કચ્છીહાલાઈ પુષ્કરણા ગુજરા પુષ્કરણા કરીને કેહે છે અને તે બાકી કચ્છીહાલાઈ પુષ્કરણાઓને ઔંધવા પુષ્કરણા કેહે છે.

ઓઝા નુખને ન્યાતમાં પાંચ નુખો પોતાના પુરોહિત કે ગોર કરી માને છે. તે ઓઝાઓના ત્રણ ભેદ ગણ્યા છે.

૧ ઓઝા મંડી પોત્રા, ૨ ઓઝા ડાંડક, ૩ ઓઝા દેવડા, એ ત્રણ પ્રકારમાંથી મંડીપોત્રા ઓઝાની ઉત્પત્તિ નીચે પ્રમાણે છે.

ખીમન ઓઝા સિંધ દેશના આસાણીકોટ નામના ગામમાં વસતો હતો તેને પુરોહિત નુખવાળા એક પ્રતિષ્ઠિત પુરૂષે પોતાની મંડી નામની કન્યા પરણાવી. હવે એ મંડી નામની કન્યા પોતાના પિતાની લાડીલી હોવાથી તેના વર ખીમનને તેના સસરા પુરોહિતે જમાઈ ઓઝા ખીમનને આખો પુરોહિત નુખનો કુલ ગોર કરી માન્યો. એ ખીમનનો સસરો સ્વયં પ્રતિષ્ઠિત હોવાથી તેના પોતાના સાસરીઆ આચાર્ય નુખના હતા, તેઓને પોતાની દૈહિત્રી મંડી હોવાથી આખી આચાર્ય નુખે તેના વર ઓઝાની નુખને ગોર કરી માન્યા. એટલુંજ નહીં પણ ગતાનુગતિક ન્યાય પ્રમાણે એ આચાર્યોના મોશાલ કપટા નુખ હતી, તેથી તેઓએ પોતાની પરદૈહિત્રી મંડીના વર ખીમન ઓઝાની આખી નુખને ગોર કરી પૂજ્યા. એમ ૧ લા પ્રોત, ૨ જા આચાર્ય, અને ૩ જા કપટા એ ત્રણ નુખોયે જયારે ગોર કરી ગણ્યા ત્યારે બોધા (બોદ્દા) અને હેડાઉ એ બે નુખ પ્રોતોના સગોત્ર હોવાથી તેઓએ પણ મંડીના વર ખીમન ઓઝાની નુખને ગોર કરી માન્યા. આટલો વૃત્તાંત ઓઝા નુખનો એક ગોત્રાવલિમાંથી ઉતારી લખેલ છે, પણ જો કોઈ ન્યાતિલો આથી વધારે વૃત્તાંત્ત લખી મોકલાવશે તો મોટો સંતોષ થાશે.

ઓઝાઓને ન્યાતિલાની પાંચ નુખો વિના બીજી યજમાન વૃત્તિ નથી. ગોર પદ્ઘીની ઓળખાણ માત્ર ન્યાતમાં દક્ષિણા પ્રવાહ તેઓના યજમાનોની પાંચ નુખોમાં થાય તો પોતાના ગોર જાણી બમણે ભાગે આપે છે. કદાચિત પોતાને ઘેર શાંતિ પૌષ્ટિક કર્મની વેળાયે ઓઝાઓને બોલાવી તેઓ પાસેથી તે કર્મ કરાવે છે. પાંચે નુખવાળા પોતાની કન્યાઓ ઓઝાઓને ગોર

સંબંધ કહી નથી આપતા. ઓઝા એ શબ્દનો અર્થ તો ઉવજ્જા અને તેથી પેહેલા ઉપાધ્યાય એ થાય છે.

ઓઝા નુખવાળા વિશેષે કરી વિદ્યોપજીવિકા કરે છે, પણ હાલારના જામનગરમાંના ઓઝાનું બીજું નામ ભટ્ટ કરીને પ્રસિદ્ધ છે.

મોત જે અસલ પદ્વીનું નામ છે તે હાલ નુખના નામથી પ્રસિદ્ધ થયેલ છે જેના આસરે ૬૦ ભેદ છે, પણ તેમાંથી નીચે લખેલ વંશો મુખ્ય ગણાય છે.

૧ ક્ષેત્રપાળિયો.	૨ કીસનદાસાણી.	૩ ગજાણી.
૪ ચાંડાણી.	૫ ઘેલાણી	૬ ભોજાણી.
૭ કિત્તાની.	૮ ભાદ્રાણી.	૯ સુરદાસાણી.
૧૦ ખોડાણી.	૧૧ વાલાણી.	૧૨ બીલ્લાણી.
૧૩ આશાણી.	૧૪ દમાણી.	૧૫ ખેતાણી.
૧૬ રાજાણી.	૧૭ જેરાણી.	૧૮ ભોજાણી.
૧૯ સૂરજીઆણી.	૨૦ ગ્વાલાણી.	૨૧ સાડાણી.

૨૨ મુચ્છન. ઈત્યાદિ પોતાના વડીલનાં નામોથી પ્રસિદ્ધ થયેલ છે.

કેટલીક નુખો આગળ લખ્યા પ્રમાણે ગોત્રાવલિના નામોમાંથી નામાંતર અને પદ્વીવાળી જણાઈ છે. તેમ હાલ પણ કચ્છ હાલારમાં તેવાં આઠ નામોથી પ્રસિદ્ધ છે.

૧ કેવળિયામાંએ કેટલાંક ઘર ભટ્ટ અને એકાદ કુટુંબ મુરમુરિયા, તથા એકાદ કુટુંબ પિંડયા કરીને કેહેવાય છે. આ વ્યવહાર માંડવીમાં છે.

૨ ઓઝાઓ તો ઉપર લખવા મુજબ નગરમાં ભટ્ટ કેહેવાય છે. તેમ એ ઉપનામ પોતાની ઉપજીવિકાને લગતું ઘણું કરી પ્રસિદ્ધ થયેલ હશે.

કચ્છ હાલારના પુષ્કરણાઓ યજમાન વૃત્તિથી ઉપજીવન કરનારા વિશેષ જણાય છે. બીજાં સ્થલોના રેહેવાસીયોને પણ યજમાન વૃતિ છે તથા હશે ખરી પણ તે કચ્છ હાલારના યજમાનો જેવી પ્રસિદ્ધીમાં આવેલી નથી જણાઈ; વિશેષે કરી ભાટિયા ગૃહસ્થોની કુલ ગોર પદ્વી કરે છે. ભાટિયા ગૃહસ્થોની સહી સમ્મતિથી બનેલા ગોર બ્રાહ્મણો દરએક તીર્થ સ્થલો ઉપર સુપ્રસિદ્ધ છે અને તેઓના ચોપડામાં યજમાનોના વંશપરંપરાનાં નામો લખેલાં તથા સહિયો કરેલી છે તથાપિ તે તે સ્થલોમાં જાય ત્યારેજ તેઓને ગોર કરીને માને છે, પણ પુષ્કરણા બ્રાહ્મણો પાસે નહી તો કોઈ ત્રાંબા પત્રલેખ કરી તેઓના વડીલોએ આપેલ નથી, કે કોઈ શીલા લેખ કરી આપેલ નથી તથાપિ ભાટિયા ગૃહસ્થો ખરા ક્ષત્રિય ધર્મ્મ પાળનારાઓ અને સનાતન વ્યવહાર ધર્મપ્રમાણે વર્ત્તનારાઓ હોવાથી અસલથીજ નિર્વિવાદપણે પુષ્કરણાઓને પોતાના કુલગોર માનેલ છે તેમ હાલ પણ માનતા આવ્યા છે તે તેટલા લગણકે તે ગોરોના આચાર વર્ત્તણુક અણગમતાં જાણીને પણ વંશપરાથી ચાલી આવતી ચાલને માન દેતા આવ્યા છે. અને હરેક અવસર પ્રસંગે તે બ્રાહ્મણોને ગોરપણાનો હક્ક આપતા આવે છે. આ બાબત ઘણું લખવાનું છે, પણ પ્રસંગે લખવાને બનશે. હાલ તો તે ધર્મી ભાટિયા ગૃહસ્થોને કોટી કોટી ધન્યવાદ લખવો દુરસ્ત છે.

ઈતિહાસ સંબંધી જુની વસ્તીનું જ્ઞાન તથા નુખોનું જ્ઞાન મેળવવા માટે એક સેહેલો અને ઉત્તમ ઉપાય એ છે કે નાસિક ત્ર્યંબકના ગોર લોકોનાં જુનાં દફતરો તપાસવાથી અસલ વસ્તિનાં ગામોનાં નામો અને નુખો દરએક જાતિની મેળવી શકાય

પણ આ પ્રસ્તુત વિષય લખનારને વખત થોડો મળવાથી તે ખોટ કોઈ વાર પૂરી કરવાને બનશે તો બીજી આવૃત્તિમાં દુરસ્ત થાશે.

સદહુ ગોર લોકોના ચોપડામાંહેથી એક બીજો પણ અપૂર્વ લાભ છે કે પોતાના કુલની જુની વંશાવળી પણ શૃંખલા બદ્ધ મળી આવે છે જે હરેકને લાભકારક છે. દાય વિભાગ કે લેણુ દેણુ પ્રકરણમાં કોઈ જુની અડચણો જે વંશ સંબંધિ હોય તેના ઉ-પર એ ચોપડાઓથી અજવાળું પડે છે અને હરેક લોકોએ તેવા ગોર લોકોના ચોપડામાં પોતાનો વંશ લખી આપવો લાયક છે. એવી ભલામણ કરવા દુરસ્ત દેખાય છે.

ભાટિઆ ગૃહસ્થોની ૮૪ નુખો છે, પણ તે સઘળી નુખો એક દેશમાં કે એક શેહેરમાં મળી આવવી મુશ્કીલ હોવાથી ગોર યજમાનની સમજણનો સંબંધ નિઃશંકપણે સ્પષ્ટ થયેલો હાથમાં નથી આવ્યો, પણ જેટલો મેળવી શકાયો છે તેટલો આ ચોપડીના પરિશિષ્ટ ભાગમાં લખવામાં આવેલ છે.

ભાટિયાની ૮૪ નુખોની ગણના ભાટિયાના ભાટ સારસ્વત બ્રા-હ્મણોના ચોપડામાં નોંધ થયો હશે તો આ ચોપડી લખનાર તેથી અજાણ્યો છે કોઈ ખુલાસો લખી મોકલશે તો મોટો લાભ થાશે.

પરિશિષ્ટ ૨.

પુષ્કરણા બ્રાહ્મણોના એક વર્ગને લખપતવાળા બે ત્રણ જણ અને બે ત્રણ જણ માંડવીવાળા "અવરજ્ઞાતિ" કથન કરી અ-જાણ્યાઓને ભ્રમ ઉપજાવી અર્થનો અનર્થ કરે છે માટે તે સંબંધી થોડો ખુલાસો થવાની જરૂર જણાય છે કે ખરૂં ખોટું શું છે એ સમજવા સહેલું થાય.

કચ્છ દેશમાં બહુ સ્થળે પુષ્કરણા બ્રાહ્મણોનો વાસ છે પણ સહુ કરતાં મોટી સંખ્યા માંડવીમાં હતી. હાલ પુર્વકાલ કરતાં તે સંખ્યા કમી થઈ છે, તોપણ બીજાં ગામોની સંખ્યા કરતાં ઘણી મોટી છે. એ ન્યાત સમસ્ત એકઠી જમે તે ભોજનને "સ્થાન-શુદ્ધ" કહેવાની ચાલ છે, પણ ન્યાતિલાને ઘેર સમસ્ત ન્યાત ભોજનને "હુંબસ" કેહેવાય છે અને "તડાં" જેને લોક કહે છે તેને પુષ્કરણાઓ "ઘડા" કરીને કેહે છે. તે વ્યવહાર યજમાનને ઘેર નહી પણ ન્યાતિલાને ઘેર ચલુ છે તો તે હજી લગણ પણ થોડોક ફેરફાર પામીને વ્યવહાર ચલુ છે.

ઉપર લખ્યા પ્રમાણે જ્યારે યજમાનોને ઘેર "સ્થાનશુદ્ધ" થાય છે ત્યારે સર્વ બ્રાહ્મણો સમાન પંક્તિએ જમે છે, પણ થોડાક બ્રાહ્મણો ન્યાત પંક્તિની એક કોરે વચ્ચે લાકડી મેલીને જમવા બેસે છે. એ બ્રાહ્મણો જાતે પુષ્કરણા, નુખે વાસુ, કવસ્થળિયા (કોથળિયા) તથા કોકલિયાવાળા બોડા છે. જમવા બાદ યજમાનોને ઘેર દક્ષિણા પ્રવાહ હોય તો તેઓને નામા દીઠ દક્ષિણા મળે છે. આ ચાલ ક્યારથી છે કિંવા વચ્ચે લાકડી મુકવાનું શું કારણ તે સ્પષ્ટપણે નથી જણાતું, પણ આ ચાલને મહાજન કે માસ્તાન આડે નથી આવતું તેથી સમજાય છે કે તે વચ્ચે લાકડી મેલી જ-મનાર પુષ્કરણા છે અને તે કેવળ સ્થાનશુદ્ધમાં પંક્તિ સમીપ લાકડી મેલી જમનારા હોવાથી નહી પણ તેઓની કન્યાઓ ન્યાત વચ્ચે બેસી જમે છે તેના વંશ પ્રવંશ પણ હાલ કાયમ છે તેવાં ઘર માંડવીમાં બે ત્રણ હતાં જેની નુખો ઉપર લખ્યા પ્રમાણે વાસુ, કોથળિયા, હેડાઉ, બોડા છે તે નુખો પુષ્કરણાઓનીજ છે, તેઓનો વિશેષ જથો કચ્છને સામે કાંઠે હાલાર પ્રાંત, મચ્છુકાંઠા. અને સોરઠ, કાઠીઆવાડ, ગોહિલવાડના છુટા છુટા બેડા ગામોમાં

આશરે શો એક ઘરનો છે. તેમ તેઓની નુખો પણ પુષ્કરણાની નુખો માની છે. તેઓ સઘળાઓનો નોંધ વસ્તી પત્રકમાં પુષ્કરણા બ્રાહ્મણોની જાતિમાં થયેલ છે. એવું કાઠીઆવાડ ગેજેટીઅર નામના સરકારી પુસ્તકમાં પોકરણા બ્રાહ્મણની સંખ્યા ૮૫૦ ની લખેલ છે તેથી જણાય છે. એટલી મોટી સંખ્યા નગર, ખંભાળિઆ, અને પોરબંદર સાથે ગણીને કરીયે તો ન થાય પરંતુ ઉપર લખ્યા મુજબ પુષ્કરણાનો એક બીજો વર્ગ છે તેની સંખ્યા સાથે લઈયે તોજ થાય છે.

ઉપર લખ્યા બ્રાહ્મણો પોતપોતાના રેહેવાસ સ્થળોમાં પણ પોતાને પુષ્કરણા બ્રાહ્મણ કહેવરાવે છે તથા પોતાની કન્યાઓ હાલાર કચ્છમાં આપે છે અને તે વંશ પણ સર્વત્ર વિધમાન છે.

આટલું સાધન છતાં પણ તેઓને અવરજ્ઞાતિ ઠેરવનારાઓએ ધર્મન્યાયની ખાતર લગાર પોતાના દિલમાં દલિલ કરવી જોઈએ કારણ તે પુષ્કરણાઓનો કન્યા વંશ તો આખી ન્યાતમાં ભરપૂર છે. માટે તે લોકોનું છેટું શું કરવા થયું તે તો નથી સમજાતું પણ જેમ ગુગળીને છીકારીના ગુગળી, નાગરોને બારડ, એમ પુષ્કરણાઓનો પણ ઉપલો વર્ગ જુદો પડ્યો હોય એમ હશે ! આ વૃત્તાંત નિષ્પક્ષપાતપણે લખેલ છે એ વાંચનારા અનુભવિ પુરૂષો સહજમાં સમજી શકશે. તે લોકો કદાચિત્ પોતાને મોટી ન્યાતમાં પંક્તિ મળવા ઈચ્છતા હોય પણ આ મોટી ન્યાત ક્યાં તેઓને પંક્તિમાં લેવા ઇચ્છે છે ! પણ તે બ્રાહ્મણોને અવર ન્યાત કહી આગળ વધી દુર્વચનો કેહેવા યોગ્ય નથી.

એ વર્ગમાથી આગળ સુંદરજી કપટો મુંબઈમાં મિઠાઈની દુકાનં કરતો હતો અને તેને ત્યાં પ્રસિદ્ધ પુરૂષો નિર્વિવાદ ભોજનાદિ વ્યવહાર કરતા જુના માણસોના જાણવામાં આવે છે. ખેર એ

વાત તો જુની થઈ પણ હાલમાં પણ તે વર્ગના એક જણની માંડવીમાં મિઠાઈની દુકાન છે અને તેને ત્યાંથી મીઠાઈ લેવાની ચાલ છે તે બાબત કોઈ પણ તકરાર ઉઠાવવું નથી. અને ગોઠપાઠમાં રસોઈમાં પણ સામેલ તથા તેને ઘેર લગ્ન વેળાયે નાઠીઆમાં જમવામાં પણ ન્યાતિલા સામેલ હતા તે સર્વેને સ્પષ્ટપણે વિદિત છે.

ઉપર લખેલ વ્યવહારને અટકાવ ન કરી શક્યા એ પુરૂષો હાલ મુંબઈમાં આવી તે વર્ગને અવરનાત કહીને કેવળ મિથ્યા ભાંડણુ કરે છે તથા પોતાનો દ્વેષ પ્રગટ કરે છે. માટે ન્યાતિલાઓ તથા મહાજન શેઠીઆઓએ આ બાબતથી જાણિતા થઈ તેવા લોકોને ભરૂંસે નહી રેહેવું યોગ્ય છે.

પુષ્કરણા બ્રાહ્મણોની ગોત્રાવળીની સમજણ.

હરએક નુખને લગતી ૧૨ બાબત સમજી લેવાની જાણવી.

૧ પ્રથમના અંક નીચે છ નુખોનાં નામ.

૨ ઉપર લખેલી છ નુખોના વેદનું નામ.

૩ એ છ નુખોની શાખાનું નામ.

૪ એ છ નુખોના વેદશાખાનાં કર્મોપયોગી શ્રૌત સ્માર્ત્ત સૂત્રોનાં નામો.

૫ એ છ નુખોનાં ગોત્રનાં નામો.

૬ એ છ નુખોના ગોત્રોનાં પ્રવરો અને તેની સંખ્યા.

૭ એ છ નુખોના કુલપૂજ્ય ગણપતિનાં નામો.

૮ એ છ નુખોના કુલપરંપરા માન્ય ભૈરવ વા ક્ષેત્રપાળનાં નામો.

૯ એ છ નુખોની કુલદેવી એક નથી તે તો ત્રણ ત્રણ નુખોની કુલદેવી એક છે માટે ત્રણ ત્રણ નુખોની સામે કુલદેવીનાં નામો.

૧૦ ત્રણ ત્રણ નુખોની ઇષ્ટ *મૂર્ત્તિઓ.

૧૧ ત્રણ ત્રણ નુખોની †ઇષ્ટમૂર્ત્તિની દષ્ટિનું નામ.

૧૨ છેલ્લા કોઠામાં નુખ સંબંધી બીજું નામ કિંવા પદ્દી હોય તો તેનું વર્ણન.

---

* મૂર્ત્તિસંબંધી વિશેષ ખુલાસો મળવાની અપેક્ષા છે.

† દૃષ્ટિ સંબંધી જેમ ખુલાસો સાપેક્ષ છે તેમ દ્રોમદષ્ટિ શબ્દનો અર્થ થતો નથી તો તેની પણ ખુલાસો મળવાની અપેક્ષા છે. પ્ર. ક.

ઉપર બે બાબતો સંબંધી કોઈ ખુલાસો લખી મોકલશે તો ન્યાતના ઇતિહાસ જીજ્ઞાસુઓ ઉપર તેનો આભાર થશે. પ્ર. ક.

		૧ અવટંક વા નુખ.	૨ વેદઃ	૩ શાખા.	૪ સૂત્રમ્.	૫ ગોત્રમ્.	૬ પ્રવરાઃ
પ્રથમં ષટ્કમ્. ૧	૧ ૨ ૩	કાકરેચો. ટંકશાલી. માથુર.	શુક્લયજુર્વેદઃ	માધ્યંદિનીશાખા.	કાત્યાયનસૂત્રમ્.	ભારદ્વાજાઃ ૧	આંગિરસબાર્હસ્પત્યભારદ્વાજેતિત્રયઃ ૧
,,	૧ ૨ ૩	કપઠા. ચુલ્લડ. આચાર્ય.	,,	,,	,,	,,	,,
દ્વિતીયં ષટ્કમ્. ૨	૧ ૨ ૩	ખોખા.* હેડાઉ. મુચ્ચડ.†	,,	,,	,,	શાંડિલાઃ ૨	શાંડિલ્યાસિતદેવલેતિત્રયઃ ૨
,,	૧ ૨ ૩	કાદા. કીરતા. નવલા.	,,	,,	,,	,,	,,
તૃતીયં ષટ્કમ્. ૩	૧ ૨ ૩	કેવલિયા. ત્રિવાડી‡ માંધુઃ§	,,	,,	,,	ગૌતમાઃ ૩	આંગિરસૌતથ્યગૌતમેતિત્રયઃ ૩
,,	૧ ૨ ૩	ગોદા. ગોદાના. ગૌતમાઃ	,,	,,	,,	,,	,,
ચતુર્થં ષટ્કમ્. ૪	૧ ૨ ૩	ઠાકર.‖ બદ્દલ. દોઢા.	,,	,,	,,	ઉપમન્યવઃ ૪	વાસિષ્ઠૈન્દ્રપ્રમદાભરદ્વસ્વિતિત્રયઃ ૪
,,	૧ ૨ ૩	બદ્દૂ. માતમા. બુઝડો.	,,	,,	,,	,,	,,

૭ ગણેશઃ	૮ ભૈરવઃ	૯ દેવી.	૧૦ મૂર્ત્તિઃ	૧૧ દૃષ્ટિઃ	વિશેષ વર્ણનમ્.
હેરંબઃ	કાલભૈરવઃ	જાજલા દેવી.	બ્રહ્મમૂર્ત્તિઃ	સૌમ્ય દૃષ્ટિઃ	ટંકશાલી નુખની વ્યાસ પદ્વી છે.
,,	,,	ચામુંડા દેવી.	વિષ્ણુ મૂર્ત્તિઃ	દ્રૌમદૃષ્ટિઃ	કપટા એ નુખની બોહોરા પદ્વી છે.
વક્રતુંડઃ	કટારો.	ડેહરૂદેવી.	બ્રહ્મમૂર્ત્તિઃ	સૌમ્ય દૃષ્ટિઃ	*બોધા નુખની પુરોહિત પદ્વી છે. એ નુખને કછી-હાલાઇ સિંધી બોધા કહેછે. †મુસ્ચડ નુખમાં ગજા પુરોહિત એ બે નુખ અંતર્ભૂત મનાય છે.
,,	,,	સુષુમ્ણા દેવી.	વિષ્ણુ મૂર્ત્તિઃ	દ્રૌમદૃષ્ટિઃ	
લંબોદરઃ	કાલભૈરવઃ	શિવદાદેવી	બ્રહ્મમૂર્ત્તિઃ	સૌમ્ય દૃષ્ટિઃ	‡ત્રિવાડી નુખની જોશી પદ્વી છે. §માંધુ નુખ થળના મુલકમાં છે.
,,	,,	સુભદ્રાદેવી	વિષ્ણુ મૂર્ત્તિઃ	દ્રૌમદૃષ્ટિઃ	
મહા ગણપતિઃ	સોનાણો	શાકંભરી.	બ્રહ્મમૂર્ત્તિઃ	સૌમ્ય દૃષ્ટિઃ	‖ઠાકર એ નુખ થળના મુલકમાં છે.
,,	,,	સિંહવાહિની.	વિષ્ણુ મૂર્ત્તિઃ	દ્રૌમદૃષ્ટિઃ	

		૧ અવટંક વા નુખ.	૨ વેદ:	૩ શાખા.	૪ સૂત્રમ્.	૫ ગોત્રમ્	૬ પ્રવરા:
પંચમં ષટ્કમ્. ૫	૧ ૨ ૩	કલસ્થલિયા કોલો. જડ.	શુક્લયજુર્વેદ:	માધ્યંદિની શાખા	કાત્યાયનસૂત્રમ્.	કપિલા: ૫	આંગિરસબાર્હસ્પત્યભારદ્વાજ, વાંદન, માતવચસેતિ પંચ. ૫
,,	૧ ૨ ૩	મોલો. ગંઢડિયો. ઢાકી.	,,	,,	,,	,,	,,
ષષ્ઠં ષટ્કમ્. ૬	૧ ૨ ૩	દગડા. પેઢા. રામા.	,,	,,	,,	ગવિષ્ઠિરા: ૬	આત્રેયાર્ચનાનસગાવિષ્ઠિરેતિ ત્રય: ૬
,,	૧ ૨ ૩	પમણિઆ. જીવણિઆ. લાપશિયા.	,,	,,	,,	,,	,,
સપ્તમં ષટ્કમ્. ૭	૧ ૨ ૩	વાહેલી. મેડતવાલ. કુપલિયા.	ઋગ્વેદ:	આશ્વલાયનશાખા	આશ્વલાયનસૂત્રમ્.	ઉતથ્યા: ૭	આંગિરસૌતથ્યગૌતમેતિત્રય: ૭
,,	૧ ૨ ૩	વાછડ.* પુછતોડા. પાડેઆ.†	,,	,,	,,	,,	,,
અષ્ટમં ષટ્કમ્. ૮	૧ ૨ ૩	ચોવટિયા. પસિયા. હરસ.	સામવેદ:	કૌથુમી શાખા.	લાટ્યાયનસૂત્રમ્.	પરાશરા: ૮	વાસિષ્ઠશાક્ત્યપારાશર્યેતિત્રય: ૮
,,	૧ ૨ ૩	ઉઝા. વીઝા. જીંડ.	,,	,,	,,	,,	,,

૭ ગણેશઃ	૮ ભૈરવઃ	૯ દેવી.	૧૦ મૂર્તિઃ	૧૧ દૃષ્ટિઃ	વિશેષ વર્ણનમ્.
હેરંબઃ	કાલભૈરવઃ	જયાદેવી.	બ્રહ્મમૂર્તિઃ	સૌમ્ય દૃષ્ટિઃ	કલસ્થલિયા નુખનું બીજું નામ છાંગાણી તથા કોથલિયા છે.
,,	,,	સાંગી દેવી	વિષ્ણુ મૂર્તિઃ	દ્રૌમ્યદૃષ્ટિઃ	ગંઢડિયા એ બીજું નામ છે એ નુખની પદ્ધી જોષી છે.
વિકટાક્ષઃ	ગોરો ભૈરવઃ	સનાતના.	બ્રહ્મમૂર્તિઃ	સૌમ્ય દૃષ્ટિઃ	
,,	,,	સુષુમ્ણા.	વિષ્ણુ મૂર્તિઃ	દ્રૌમ્યદૃષ્ટિઃ	પ્રમણિયા નુખની મુત્તા પદ્ધી છે. મેતાને માડવારમાં મુત્તા કેહવાની ચાલ છે.
વિકટઃ	ગોરઃ	ચિત્રાંગી.	બ્રહ્મમૂર્તિઃ	સૌમ્ય દૃષ્ટિઃ	
,,	,,	સંકર્ષણી.	વિષ્ણુ મૂર્તિઃ	દ્રૌમ્યદૃષ્ટિઃ	* વાછડ નુખને આંવલિયા પણ એક ઠેકાણે લખેલ છે. + આ નુખને કોઇ ઠેકાણે પંડ્યા નામથી ઓળખે છે. પ્ર. ક.
નીલરિયો	રક્તિયો.	ચામુંડા દેવી.	બ્રહ્મમૂર્તિઃ	સૌમ્ય દૃષ્ટિઃ	ચોવટીયા નુખની જોષી પદ્ધી છે.
,,	,,	મહાકાલી દેવી.	વિષ્ણુ મૂર્તિઃ	દ્રૌમ્યદૃષ્ટિઃ	

		૧ અવટંક વા નુખ.	૨ વેદ:	૩ શાખા.	૪ સૂત્રમ્.	૫ ગોત્રમ્.	૬ પ્રવરાઃ
નવમં ષટ્કમ્. ૯	૧ ૨ ૩	ખોડા. લોહોડા. મૂમટિયા.	સામવેદ:	કોથુમી શાખા.	લાટ્યાયન સૂત્રમ્.	કશ્યપા: ૯	કાશ્યપાવ-ત્સરાસિતે-તિત્રય: ૯
”	૧ ૨ ૩	લુદ્ર. કાઇ. કર્મણા.	”	”	”	”	”
દશમં ષટ્કમ્. ૧૦	૧ ૨ ૩	રંગા. રામદેવ. ઉપાધ્યાય	”	”	”	હરિતા: ૧૦	આંગિર સાંબરીષ યૌવનાશ્વે-તિત્રય:૧૦
”	૧ ૨ ૩	અરછુ. ઊષધાર. તાકમુત્તા.	”	”	”	”	”
એકાદશં ષટ્કમ્. ૧૧	૧ ૨ ૩	વિશા. વિગેધ. વિડંગ.	”	”	”	શુનકા: ૧૧	ભાર્ગવશૌ-ન હોત્રગા-ર્ત્સમદેતિ ત્રય: ૧૧
”	૧ ૨ ૩	ટેટર. રતા. બિલ્લા.	”	”	”	”	”
દ્વાદશં ષટ્કમ્. ૧૨	૧ ૨ ૩	મુત્તાર. મૂદર. પડિહાર.	”	”	”	વત્સા: ૧૨	ભાર્ગવચ્યા વનાપ્નવા-નૌર્વજામ-દગ્ન્યેતિપં ચ પ્રવરાઃ ૧૨
”	૧ ૨ ૩	મચ્છર. ટિહુશિયા સોમનાથ	”	”	”	”	”

૭ ગણેશઃ	૮ ભૈરવઃ	૯ દેવી.	૧૦ મૂર્ત્તિઃ	૧૧ દૃષ્ટિઃ	વિશેષ વર્ણનમ્.
મહાગણપતિઃ	રક્તિયો ભૈરવઃ	ધારા યોગિની દેવી.	બ્રહ્મમૂર્ત્તિઃ	સૌમ્ય દૃષ્ટિઃ	
,,	,,	રક્તદંતીકા લવંધા.	વિષ્ણુ મૂર્ત્તિઃ	ક્રૌમ્યદૃષ્ટિઃ	લુદ્ર નુખની કક્ષા પછી છે
વૃદ્ધાગણપતિઃ	ગોરો ભૈરવઃ	સુરચાઇ.	બ્રહ્મમૂર્ત્તિઃ	સૌમ્ય દૃષ્ટિઃ	રામદેવનું બીજું નામ થાનવી છે.
,,	,,	શારદા.	વિષ્ણુ મૂર્ત્તિઃ	ક્રૌમ્યદૃષ્ટિઃ	
ગણનાયકઃ	ગોરો ભૈરવઃ	આશાપુરા.	બ્રહ્મમૂર્ત્તિઃ	સૌમ્ય દૃષ્ટિઃ	ગોગિયા અને માપારા એ વિશા નુખનાં બીજાં નામો છે. પ્ર. ક.
,,	,,	કાત્યાયની.	વિષ્ણુ મૂર્ત્તિઃ	ક્રૌમ્યદૃષ્ટિઃ	
બાલચંદ્રઃ	બટુક ભૈરવઃ	શિવપ્રિયા.	બ્રહ્મમૂર્ત્તિઃ	સૌમ્ય દૃષ્ટિઃ	
,,	,,	સુષુમ્ણા.	વિષ્ણુ મૂર્ત્તિઃ	ક્રૌમ્યદૃષ્ટિઃ	

		१ અવટંક વા નુખ.	૨ વેદઃ	૩ શાખા.	૪ સૂત્રમ્.	૫ ગોત્રમ્.	૬ પ્રવરાઃ
ત્રયોદશં ષટ્કમ્. ૧૩	૧ ૨ ૩	કવડિયા. કિરાયતા વ્યાસડા.	સામવેદઃ	કૌથુમી શાખા.	લાટ્યાયન સૂત્રમ્.	કુશિકાઃ ૧૩	વૈશ્વામિત્ર દેવરાતૌ દલિતિત્રયઃ ૧૩
,,	૧ ૨ ૩	વાસુ. કિરાકુ. સૂરા.	,,	,,	,,	,,	,,
ચતુર્દશં ષટ્કમ્. ૧૪	૧ ૨ ૩	ગોટા. સિંહા. ગોદાણા.	અથર્વવેદઃ	શૌનકી શાખા.	શાંખાયન સૂત્રમ્.	મુદગલા. ૧૪	આંગિરસ ભાર્મ્યાશ્વ મૌદગલ્યેતિત્રયઃ૧૪
,,	૧ ૨ ૩	ખાખડ. ખીંશ. ખુહારા.	,,	,,	,,	,,	,,

૭ ગણેશઃ	૮ ભૈરવઃ	૯ દેવી.	૧૦ મૂર્તિઃ	૧૧ દૃષ્ટિઃ	વિશેષ વર્ણનમ્.
ભાલચંદ્રઃ	ગોરો ભૈરવઃ	રક્તાંબરા દેવી.	બ્રહ્મમૂર્તિઃ	સૌમ્ય દૃષ્ટિઃ	
,,	,,	હરપ્રિયા.	વિષ્ણુ મૂર્તિઃ	દ્રૌમ્યદૃષ્ટિઃ	
હેરંબઃ	ધમોણો ભૈરવઃ	રક્તદંતિકા	બ્રહ્મમૂર્તિઃ	સૌમ્ય દૃષ્ટિઃ	
,,		જગન્નાયકા.	,,		

પરિશિષ્ટ પત્રક.

નીચે લખી દર્શાવેલ પુષ્કરણા બ્રાહ્મણોની નુખને ભાટીયા ગૃહસ્થોની નુખો કુલગોર કરી માને છે. આ બાબતમાં ગોરયજમાની સંબંધ હાલ સર્વત્ર એકસરખી રીતે ચાલુ છે.

૧ પુષ્કરણા નુખ પણિયાનું કુલગોરપદું.

ભાટિયા યજમાનોની નુખો ૨૮ માને છે.

૧ નયેગાંધી.	૧૦ રાયરામૈયા.	૧૯ રાયઆસરીયા.
૨ વાદગાંધી.	૧૧ રાયનિપુયા.	૨૦ રાયગગલા.
૩ પ્રોડગાંધી.	૧૨ રાયમોતીપોત્રા.	૨૧ રાયમોટા.
૪ યુજગાંધી.	૧૩ રાયમાંટણીયા.	૨૨ રાયકાકે.
૫ ગભગાંધી.	૧૪ રાયઝંગઠુલા.	૨૩ રાયસેજવળા.
૬ શુચગાંધી.	૧૫ રાયનવાટિયા.	૨૪ રાયસુપરી.
૭ ચાપેગાંધી	૧૬ રાયચાછાણીયા.	૨૫ રાયમાખાકરી.
૮ રાયપંચોળ.	૧૭ રાયઢઢાલ.	૨૬ રાયમાઈલાર.
૯ રાયસુરઈયા.	૧૮ રાયમુત્તા.	૨૭ રાયકેકાટીઆ.
		૨૮ રાયરાઠ્ઠા.

ઉપલી નુખોનાં નામોમાં થોડોક ફારફેર દેખાય છે પણ તેમાની ૮ નુખો પંજાબ દેશના ગામોમાં વસે છે.

૧ રાયચબાક.	૪ રાયચોદેરાણા.	૭ રાયરિકા.
૨ રાયમેંતા.	૫ રાયઢોળિયા.	૮ રાયમોટા.
૩ રાયનીછુ.	૬ રાયસ્વાલિયા.	

એ રીતે ગાંધી અને રાયની નુખો ૨૮ પણિયાના યજમાન છે.

૨ પુષ્કરણા નુખ હરસનું કુલગોરપદું.

ભાટિયા યજમાનોની નુખો ૨૫ માને છે.

૧ ગાજરીયા.	૫ બિબડા.	૯ રાયમેંતા.
૨ ધુતિયા.	૬ રાયમુલતાની	૧૦ રાયરૈડા.
૩ બિવૈયા.	૭ રાયકેડા.	૧૧ રાયચાયજા
૪ રાયજાવા.	૮ રાયધિયધંસા.	૧૨ રાયજીજીયા.

૧૩ રાયજીરણ.	૧૭ રાયમાણુક.	૨૧ રાયષેવરીયા.
૧૪ રાયકોઢીયા.	૧૮ રાયબિલૈયા.	૨૨ રાયસાગર.
૧૫ રાયપાંચોળ.	૧૯ રાયપુઠધંગા.	૨૩ રાયગાબ.
૧૬ રાયકવિચ્યા.	૨૦ રાયહેવરીયા.	૨૪ રાયગાવા.
		૨૫ રાયતિતર.

એ રીતે કુલ નુખો ૨૫ હરસના યજમાન છે.

૩ પુષ્કરણા નુખ કેવળિયાનું કુળ ગોરપદું.

ભાટિયા યજમાનોની નુખો ૧૧.

૧ રાયવાંઢૂચા.	૫ રાયરાયસી.	૯ રાએબળઈઆ.
૨ રાયપંચલોઢિયા.	૬ રાએચિચડા.	૧૦ રાએનીલ.
૩ રાયપલિજા.	૭ રાએરેડા.	૧૧ રાએદાંઢ.
૪ રાયઢગા.	૮ રાએખેડા.	

કેવળિયાના યજમાનોની નુખ ૧૩ છે પણ તેઓના નામો પૂરા નથી મળ્યા.

૪ પુષ્કરણા નુખ લુંવનું કુળ ગોરપદું.

ભાટિયા યજમાનોની નુખો ૨.

૧ રાય ધધાળ. ૨ રાય બબલા.

૫ પુષ્કરણા નુખ ઢાકીનું કુલગોરપદું.

ભાટિયા યજમાનોની નુખો ૨.

૧ રાય છિછિયા. ૨ રાય કજરીયા.

૬ પુષ્કરણા નુખ આચાર્યનું કુલગોરપદું.

ભાટિયા યજમાનોની નુખ ૨.

૧ રાય હરિયા (આસરપોત્રા.) ૨ રાય વેદ.

૭ પુષ્કરણા નુખ વાસુનું કુલગોરપદું.

ભાટિયા યજમાન નુખ ૧.

૧ રાય ગોકલ ગાંધી.

૮ પુષ્કરણા નુખ બોધા (બોદા)નું કુલગોરપદું.

ભાટિયા યજમાન નુખ ૧.

૧ રાય ઉદેશી.

૯ પુષ્કરણા નુખ બોડાનું કુલગોરપદું.

ભાટિયા યજમાન નુખ ૧.

૧ રાય સપટ.

૧૦ પુષ્કરણા નુખ થાનવીનું કુલગોરપદું.

ભાટિયા યજમાન નુખ ૧.

૧ રાય મેઢિયા.

૧૧ પુષ્કરણા નુખ વ્યાસડાનું કુલગોરપદું.

ભાટિયા યજમાન નુખ ૧.

૧ રાય સોની.

જુમલે ભાટિયા યજમાનોની નુખ ૭૫ ના કુલ ગોર પુષ્કરણાની નુખો ૧૧ થાય છે. બાકી ૯ નુખો યજમાનોની રહી તેના કુલગોર સ્પષ્ટપણે માલુમ નથી પડતા.

યજમાનોની નુખોનાં નામો ભાટિયા કુલકથાની ચોપડીમાં છપાયલાની જોડે કેટલાંક મળે છે કેટલાંક નથી મળતાં તેથી જણાય છે કે દેશાંતરને લીધે નુખોનાં નામાંતર થયાં હશે.

પુષ્કરણાઓની ચોકસ ૧૧ નુખોની વૃત્તિ માત્ર ભાટિયા યજમાનો છે તે ઉપરાંત બીજી જાતોની પણ ગોરવૃત્તિ પુષ્કરણાઓ કરે છે. તે નીચે પ્રમાણે કચ્છમાં છે.

૧ મહેશરી વાણિયા. ૨ કરાડ વાણિયા. ૩ સઈસુતાર.
૪ નાય ધમળ વજાડનાર. ૫ હાલારમાં કડિયા જાતની વૃત્તિ છે.
૬ માડવારના બ્રાહ્મણોને પણ વાણિયાની વૃત્તી છે.

એ બાબત પણ વિશેષ વૃત્તાંત કોઈ અનુભવી પુરૂષ લખી મોકલશે તો મોટો ઉપકાર થાશે.

ભાટિયા યજમાન અને પુષ્કરણા બ્રાહ્મણોની થોડી નુખોનો કુલગોર વ્યવહાર તો ઘણાજ જુના વખતનો હોવો જોઈયે.

જેશળમેરના મહતા અજીતસિંહજીનો બનાવેલ "ભાટીનામા" જેમાં જેશલમેરની ગાદી ઉપર બીરાજનાર રાજકર્ત્તા ભાટીવંશનો ઈતિહાસ છે તે કલકત્તામાં છપાયલ છે તેના આરંભમાં પુરોહિતોને ગુરૂ કરી લખ્યા છે પણ તે તો એકજ પુષ્કરણાની પુરોહિતની પદ્ધી

ધારણ કરનારી નુખ છે. આ દેશના ભાટિયા જાતિમાં તો નુખ વિવેચન કરી તેમ પુષ્કરણાઓનું પણ નુખ વિવેચન કરી ગોર યજમાન વિભાગ જુદાં જુદાં બંધાયેલ જોવામાં તથા માનવા કરવાના ભોગવટામાં ચાલુ ભોગવાતો વહીવટ દેખાય છે.

ગોર યજમાનની નુખોના સંબંધની વિગત, વિક્રમ સંવત્ ૧૮૯૯ ની શાલનું મારા પૂજ્ય તીર્થરૂપ મુકુન્દજી મોહોનજીના હસ્તથી લખાયલું ભાટિયાકુલ કથા નામનું મારા જુના સંગ્રહમાંથી મળી આવેલું પુસ્તક હતું તેની પુંઠી ઉપરથી યજમાનની નુખો અને ગોરની નુખોનો નોંધ મળી આવવાથી પરિશિષ્ટના નામથી પ્રસિદ્ધ કરેલ છે.

ઉપર મુજબનો વૃત્તાંત જેટલો મળ્યો તેટલો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. એ સંબંધી હજુ પ્રયત્ન ચાલુ છે અને તે સંગ્રહ હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે, જેમાં કુલીન પદ ધારણ કરનારાઓના કુલીનપણાનું વર્ણન આવશે તથા શાસ્ત્રવિરૂદ્ધાચરણ, ધર્મવિરૂદ્ધાચરણ, અને ન્યાયવિરૂદ્ધાચરણ વર્ણન તથા નિર્દોષ ન્યાતિલાઓને સ્વાર્થ પ્રિય લોકોએ સખતાઈથી દબાણ કરી પોતે કેવી દશાને પહોચ્યા આ તે સંબંધી વૃત્તાંત આવશે.

વિશેષે કરી વર્ત્તમાન વખતના ભાડુતી પટેલોની પટેલાઈ પ્રસિદ્ધ થશે.

આ ચાલુ લખાણ પૂર્ણ થવા પેહેલાં આખી ન્યાતના ઈષ્ટ દેવ શ્રીમત્કેશવરાયજીની પ્રાર્થના માટે એક અષ્ટક સંસ્કૃત વાણીથી સંસ્કાર પામેલું, પંડિતવર શ્રીગટ્ટૂની પાસેથી રચાવી આમાં દાખલ કરી સમાપ્ત કરેલ છે.

प्रस्तुतसंदर्भोपसंहारेस्वेष्टदेवताश्रीकेशवराय प्रार्थनाष्टकम्.

प्रायःपुष्करजातैः, श्रीकेशवराजएषदेववरः
द्वीपेशंखोद्धारेऽस्तिसुंदरंमदिरंयस्य. १

कृपानिधिःकेशवरायदेवो,ऽनुगृह्यभक्तान्स्वपदानुरक्तान्;
बुद्धिं विशुद्धांचवितीर्यतेभ्यः, करोतुतान्धर्मपथप्रसक्तान्. २
अनीतयःशास्त्रविरुद्धरीतय,श्चलंतियाज्ञातिजनेकलेर्बलात्,
विहायताःधर्मसहायताश्रयाः, स्युःसर्वएवास्यतथास्त्वनुग्रहः ३
स्नानाह्निकादिविरहंप्रतिषिद्धसेवां,दुष्टप्रतिग्रहमशौचमसंस्कृतत्वं
गोत्रेविवाहमपिसोपधिकंविवाह, मित्यादिकानिदुरितानिजना
स्त्यजंतु. ४
ज्ञातिप्रधानइतिनामभृतप्रसह्य,भीतिंप्रदर्श्यचविमत्यगिरात्तलुंचा
रंकान्नृथाविदधतिस्वजनान्सशंकातंकान्विमोचयतुतत्करतः
सदेवः ५

विद्याद्रव्याभ्याससोल्लासचित्तान्,
श्रुत्यास्मृत्यासिद्धनित्यादिकृत्यान्;
साराचारानसद्विचारानुदारान्,
लोकान्सर्वान्मुक्तशोकान्करोत्वम्. ६
दुराचारत्यागाच्छ्रुतिसुकृतिरागादिहजना,
लभंतेऽत्रामुत्राखिलकुशलमुत्कृष्टभजनाः;
सशोधंसद्बोधंश्रवणमननैःसंततमतः,
श्रयंतांभक्त्यातेद्विजनुषइमेपुष्करजुषः ७
अन्यश्रेयःकारिणोभव्यभाजो, भूयोभूयोभूतलेस्मिन्भवंति;
अन्यद्रोहाद्रोहामोहाधिरोहा, देयाच्छ्रेयांस्येवनःकेशवोऽतः ८
बाणांऽभोधिग्रहशशिमिते१९४५विक्रमार्कस्यवर्षे,
शुद्धेपक्षेप्रतिपदिबुधेमाधवस्यानुकूले;
शुद्धेपक्षेप्रतिपदिबुधंमाधवस्यानुकूलं,
कर्त्तुंसर्वंजनमिहनुतःकेशवोज्ञातिदेवः ९
ज्येष्ठारामसमाह्वयःसुकृतधीर्विद्वन्मुकुन्दात्मजः ।
स्वज्ञातिंकिलपौष्करद्विजवरःप्रोद्धर्तुकामःसखा ॥
भृत्प्रेरितवान्समामितिमयागोवर्धनेनद्रुतं ।
स्तोत्रंपञ्चनदीत्युपाह्वयघनश्यामात्मजेनोदितम् ॥ १०